# MARCH – 2018 (Detailed)

## 1 March

**(૧) સાંસદોના પગારમાં વધારો :**

- માસિક પગાર રૂ. 45,000 થીવધારીને રૂ. 70,000 કરાયો.(55 ટકા વધારો )
- કચેરી ખર્ચ રૂ. 45,000 થી વધારીને રૂ. 60,000 કરાયો.
- દર પાંચ વર્ષે ચૂકવાતુંફર્નિચર ભથ્થું રૂ. 75,000 થી વધારીને રૂા. 1 લાખ

**(૨) લોરિયસ સ્પોર્ટસ એવોર્ડ-2018**

- યજમાન-મોનાકો
- ટેનિસ સ્ટાર રોજર ફેડરર સોથી વધુ 6 લોરિયસ એવોર્ડ વિજેતા પ્રથમ ખેલાડી

**લોરિયસ એવોર્ડ્સ :-**

- બેસ્ટ સ્પોર્ટ્સમેન : રોજર ફેડરર (સ્વિત્ઝર્લેન્ડ)
- બેસ્ટ સ્પોર્ટ્સ વુમન : સેરેના (અમેરિકા)
- બેસ્ટ કમબેક : ફેડરર (સ્વિત્ઝર્લેન્ડ)
- એકસેપ્શનલ એચીવમેન્ટ : ટોટ્ટી (ઇટાલી)
- એક્શન સ્પોર્ટ્સમેન : લા ક્લેરેહ (બ્રિટન)
- બ્રેક થ્રુ ઓફ ધ યર : સર્જીયો ગાર્સિયા (સ્પેન)
- પેરા સ્પોર્ટ્સમેન : માર્કેલ હગ (સ્વિત્ઝર્લેન્ડ)
- ઇન્સ્પીરેશનલ સ્પોર્ટસપર્સન : જે. જે. વોટ (અમેરિકા)
- લાઇફટાઇમ એચીવમેન્ટ : એડવિન મોસેસ (USA)
- ટીમ ઓફ ધ યર : એફવન મર્સિડીસ ટીમ

**(3) 69મા શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતિ :-**

- કાંચી મઠના શંકરાચાર્યનું 82 વર્ષે નિધન- કાંચીપુરમ્
- 1954માં 19 વર્ષની વયે મઠના સર્વોચ્ચપદ પર બિરાજમાન થયા.
- મઠના ગાદિપતિ તરીકે હવે વિજયેન્દ્ર સરસ્વતિની નિમણૂંક
- જયેન્દ્ર સરસ્વતિનુંમૂળનામ- સુબ્રમણીયન મહાદેવ અય્યર હતું.
- જન્મ- તમિલનાડુ (18-7-1935)

**આદિશંકરાચાર્યએ દેશમાં ચારેય દિશામાંઆ મઠ સ્થાપિત કર્યા છે. જેમાં -**

(૧) **શ્રૃંગેરી મઠ-** શ્રૃંગેરીશારદા પીઠ કર્ણાટકના ચિકમંગલુરમાં છે. અહીં દીક્ષા લેતાં સંન્યાસીઓના નામની પાછળ સરસ્વતી, ભારતી, પુરી લગાવાય છે.

(૨) **ગોવર્ધન મઠ-** ગોવર્ધન મઠ ઓડિશાના પુરીમાં છે. તેનો સંબંધ ભગવાન જગન્નાથ મંદીર સાથે છે. તેમાં બિહારથી ઓડિશા અને અરુણાચલ સુધીનો ભાગ આવે છે.

(3) **શારદા મઠ-** દ્વારકા મઠને શારદા મઠ કહેવાય છે. તે ગુજરાતમાં દ્વારકાધામમાં છે. અહીં દીક્ષાલેનાર સંન્યાસીઓના નામપાછળતીર્થ અનેઆશ્રમ લખાય છે.

(૪) **જ્યોતિર્મઠ-** જ્યોતિમર્ઠ ઉત્તરાખંડના બદ્રિકાશ્રમમાં છે. અહીં દીક્ષા લેતા સંન્યાસીઓના નામ પછી ગિરિ, પર્વત અને સાગર વિશેષણલગાવાય છે.

**(૪) 2017-18 : ત્રીજા કવાર્ટરનો ભારતનો GDP : 7.2 ટકા (ઓકટો- ડિસે.17) જ્યારે ચીનનો 6.5 ટકા**

- પ્રથમ કવાર્ટર (2017-18) 5.3 ટકા
- બીજુ કવાર્ટર- 6.3ટકા
- 7.2 ટકા એટલેછેલ્લા 5 કવાર્ટરમાં સૌથી વધુ
- સૌજન્ય : CSO નવી દિલ્હી

**(૫) ગુજરાત : (1માર્ચની સ્થિતિ )**

- પેટ્રોલ પર 20 ટકા વેટ અને 4 ટકા સેસ
- ડીઝલ પર 20 ટકા વેટ અને 4 ટકા સેસ
- અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં વેટ ઓછો વસૂલાય છે.

**(૬) કચ્છ** : ગુજરાતનું 90 ટકા મધ ઉત્પાદન કચ્છમાં થાય છે.

- વર્ષે 100 ટનથી વધુ મધઉત્પાદન
- મધસંવર્ધન માટે દેશનુંપ્રથમ સંગ્રહાલય કચ્છમાં આકારલેશે.

## 2 March

**(૧) કર્ણાટક : શક્તિ સ્થળ**

- વિશ્વના સૌથી મોટો સોલર પાવર પ્લાન્ટનો પ્રારંભ
- ક્ષમતા- 2000 મેગાવોટ
- ખર્ચ- રૂ. 16,500 કરોડ

**(૨) હરમનપ્રીત કૌર- ભારતીય મહિલા ક્રિકેટર**

- પંજાબ પોલીસમાં DSP તરીકે નિમણૂંક
- T-20 ટીમના સુકાની

(૩) **ભારત- જોર્ડનસંબંધો :**
- જોર્ડનના કિંગ અબ્દુલ્લા ભારતપ્રવાસે
- બંને વડાઓએ ઇસ્લામિક કોન્ફરન્સને સંબોધી
- બંને દેશો વચ્ચે કુલ-12 સમજૂતી
- કરારના ક્ષેત્રો :
- સંરક્ષણ ક્ષેત્ર, ડિપ્લોમેટીક અનેસરકારી પાસપોર્ટ ધારકોને છૂટ, સાંસ્કૃતિક ક્ષેત્રમાં આદાન પ્રદાન, હેલ્થ અને મેડિસિનમેન પાવર કો-ઓપરેશન, સેન્ટર ઓફ એક્સેલન્સ, રોક ફોસ્ફેટ, ખાતર, કસ્ટમ અને ટેક્સ, આગરા અનેપેટ્રાશહેર, IIMC અને જોર્ડન મીડિયા ઇન્સ્ટિટ્યૂટ, પ્રસાર ભારતી અને જોર્ડન ટીવી- યુનિવર્સિટીઓફ જોર્ડન અને આઇસીસીઆર

## 4 March

(૧) **3 માર્ચ- વિશ્વ વન્ય જીવ દિવસ**
- ગુજરાતનાસાસણગીર ખાતે રાષ્ટ્રીય કક્ષાનીઉજવણી કરાઇ
- ગુજરાતના C.M. અને કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રી શ્રી ડો. હર્ષવર્ધનની હાજરી
- થીમ : “મોટા શિકારીવન્યજીવો ભયના ઓથાર હેઠળ”
- ગીરમાં સિંહની વસતી 533 થી વધીને અંદાજિત 600 થઇ

(૨) **વિધાનસભા ચૂંણી પરિણામો :**

**(૧) મેઘાલય 60 બેઠક**
- કોઇને બહુમતી નહીં, પ્રથમવાર અહીં ત્રિશંકુ વિધાનસભા
- મતદાન 59 પર બહુમતી 30 પર

| પક્ષ | બેઠક | 2013મા | +/- |
|---|---|---|---|
| ભાજપ+ | 2 | 0 | +2 |
| NPP | 19 | 02 | +17 |
| કોંગ્રેસ | 21 | 29 | -8 |

(નેશનલ પીપલ્સ પાર્ટી- સ્થાપક- પી. એ. સંગમા (2012)

અન્યને 17 બેઠક મળી, ગયા વખતે 29 હતી.

**(૨) નાગાલેન્ડ 60 બેઠક**
- ભાજપ+ પ્રથમવાર બહુમતી તરફ
- મતદાન 59 પર બહુમતી 31 પર

| પક્ષ | બેઠક | 2013મા | +/- |
|---|---|---|---|
| ભાજપ+ | 27 | 1 | +26 |
| માકપા | 27 | 38 | -11 |
| કોંગ્રેસ | 0 | 8 | -8 |

- અન્યને 4બેઠક મળી, ગયા વખતે 13હતી.

**(3) ત્રિપુરા 60 બેઠક**
- ભાજપ 2તૃતીયાંશ બહુમતી મેળવનારો રાજ્યનો બીજો પક્ષ
- મતદાન 59પર બહુમતી 30 પર

| પક્ષ | બેઠક | 2013 | +/- |
|---|---|---|---|
| ભાજપ+ | 43 | 0 | +43 |
| માકપા | 16 | 49 | -33 |
| કોંગ્રેસ | 0 | 10 | -10 |

- 46 વર્ષ બાદ પૂર્વોત્તરના 7 રાજ્યોમાંથી 4 થી વધુ રાજ્યોમાં કોઇ એક પક્ષ ભાજપની સરકાર
- ભાજપે ત્રિપુરામાં 25વર્ષ જૂના ડાબેરીઓના કિલ્લાને ધ્વસ્ત કર્યો.
- 25વર્ષ અગાઉ ભાજપનું સૂત્ર હતું “આજે ચાર રાજ્ય, કાલે સમગ્ર દેશ”
- આજે ભાજપ પાસે સમગ્ર દેશ છે, કોંગ્રેસ પાસે માત્ર 4 રાજ્ય
- 78 % વિસ્તારમાં ભાજપનું શાસન
- 68 % વસતી અને 59 % અર્થતંત્ર ભાજપ શાસિત છે.
- 27 વર્ષમાં ભાજપ 15 રાજ્યોમાં પોતાની મેળે, 6 માં સહયોગીદ્વારાસત્તામાં આવી ગયો છે.
- 7 બિન હિંદી રાજ્યોમાં હવે ભાજપના મુખ્યમંત્રી. ભાજપપર હિંદી પટ્ટીનો પક્ષ હોવાનો સિક્કો હટ્યો.
- વોટર લિસ્ટના 48હજાર પેજમાંથી 42 હજારપર ભાજપના કાર્યકરો
- **ચૂંટણી જીતવાના કિસ્સામાંઇન્દિરા ગાંધી કરતાપણમોદી વધુ શક્તિશાળી**
- નરેન્દ્ર મોદી વડાપ્રધાનપદે રહેતા 4 વર્ષમાં 21 ચૂંટણીઓ થઇ. તેમાંથી 14 રાજ્યોમાં ભાજપેવિજયમેળવ્યો છે.
- ઇન્દિરા ગાંધીના વડાપ્રધાન રહેતા 4 વર્ષમાં 19 ચૂંટણીઓ થઇ હતી. તેમાંથી 13 રાજ્યોમાં કોંગ્રેસે વિજયમેળવ્યો હતો.

(3) **રિઝલ્ટ એનાલિસિસ- પૂર્વાંચલના ત્રણ રાજ્યો :-**
- ભાજપને 3 રાજ્યોમાં ગત ચૂટણીઓ કરતા 61 ટકા વધુ વોટ મળ્યા.

- 2013 માં ભાજપને ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં 4.5 ટકા વોટ મળ્યા હતા.
- 2013 માં 3રાજ્યોમાં ભાજપનો એક ધારાસભ્ય હતો, આ વખતે 48 જીત્યા
- ભાજપે નોર્થ ઇસ્ટમાં ડાબેરી મોરચાનો સૌથી જૂનો કિલ્લો ત્રિપુરાને જીતી લીધું છે. નાગાલેન્ડ અને મેઘાલયમાં પોતાની વોટ બેંકમાં જોરદાર વધારો કર્યો છે. આ ત્રણે રાજ્યોમાં ભાજપને 2013 વિધાનસભા ચૂંટણીમાં 4.5 ટકા મત મળ્યા હતા. આ વખતે અહીં 66 ટકાથી વધુ મત હાંસલ કર્યા છે. ભાજપને સૌથી વધુ 43 ટકા વોટ ત્રિપુરાથી મળ્યા છે. મેઘાલયમાં 9.7 ટકા અને નાગલેન્ડમાં 14 ટકા વોટ મળ્યા છે. એટલું જ નહીં ત્રણ રાજ્યોમાં ભાજપનો માત્ર એક ધારાસભ્ય નાગાલેન્ડમાં હતો. ત્રિપુરા અને મેઘાલયમાં ભાજપ ખાતું પણ ખોલી શક્યો ન હતો. આ ત્રણ રાજ્યોમાં ભાજપે ગત ચૂંટણીઓમાં 74 સીટ પર ચૂંટણી લડી હતી. 70 સીટો પર તેની ડીપોઝીટ જપ્ત થઇ ગઇ હતી.
- ત્રિપુરામાં ભાજપે 43 ટકા વોટ હાંસલ કર્યા છે. આ એક રેકોર્ડ છે, જ્યારે કોઇ પાર્ટીએ એક રાજ્યમાં પોતાની વોટબેંકમાં 40 ટકાથી વધુનો વધારો કર્યો છે.
- ત્રિપુરામાં કોંગ્રેસને ગત ચૂંટણીઓમાં 10 સીટ અને 36.53 ટકા વોટ મળ્યા હતા. આ વખતે કોંગ્રેસનું ખાતું જ ખૂલ્યું નથી. વોટ બેંક પણ 1.8 ટકા રહી ગઇ છે.
- માર્કસવાદી કોમ્યુનિસ્ટ પાર્ટીની હવે દેશમાં માત્ર કેરળમાં સરકાર બચી છે.
- ત્રિપુરા દેશનું 7 મું બિન-હિંદી ભાષી રાજ્ય છે, જ્યાં ભાજપ પોતાના બળે સરકાર બનાવી.

(3) **રેસલર નવજોત કૌર**

- એશિયન રેસલિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીતનાર કૌર પ્રથમભારતીય મહિલા
- 65કિગ્રા. ફ્રી સ્ટાઇલ કુસ્તી
- હરિફ- મિયા ઇમાઇ- જાપાન
- યજમાન- બિશ્કેક (કિર્ગીસ્તાન)

(૪) **IBSF : સ્નૂકર ટીમ વર્લ્ડ કપ- 2018**

- વિજેતા- ભારત, હરિફ-પાકિસ્તાન
- યજમાન- દોહા (કતાર)
- ભારતીય જોડી પંકજ અડવાણી અને મનન ચંદ્રા વિજેતા

(૫) **ભારત- વિયેતનામ સંબંધો** :

- વિયેતનામનારાષ્ટ્રપતિ ત્રાનદાઇ કવાંગ ભારતનાપ્રવાસે
- પરમાણુ ઊર્જા અને પ્રદેશિક સુરક્ષા સહિત 3 કરાર સંપન્ન
- વિયેતનામ ભારતની એકટ ઇસ્ટ પોલિસીમાં મહત્વપૂર્ણ ભાગીદાર
- ભારત પ્રશાંત ક્ષેત્રને ખુલ્લા રાખવા અંગે કામકરશે.
- **2 વર્ષમાં વ્યાપાર 2 ગણોકરવાનુલક્ષ્ય** :
- ભારત- વિયેતનામ વચ્ચે 2016-17 માં 40,666 કરોડનો વ્યાપાર થયો હતો. 2020 સુધીમાં તેને 97,800 કરોડ રૂપિયાથી વધારવા બંને દેશો વચ્ચે સહમતિસધાઇ છે. ભારત- વિયેતનામે સંરક્ષણઉત્પાદનમાં ગઠબંધન કરવાનો અને તકનિકી હસ્તાંતરણમાં તકો વિસ્તારવાનો નિર્ણય કર્યો છે.

(૭) **ડૉ. કેવિત સુભાષ દેસાઇ** :ગુજરાતી મૂળના રોબેટિક ઇજનેર : જન્મ – કેન્યા

- કેન્યાની કેબિનેટમાં શિક્ષણ મંત્રાલયમાં અગ્રસચિવ તરીકે નિમણૂંક
- મૂળ વતન- નડિઆદ
- પ્રમુખ કેન્યા-ઉહુરૂ કેન્યાટા
- ડૉ. કેવિટે જાપાનમાંથી Phdની પદવી લીધી છે.

(૪) **છત્રપતિ શિવાજી મહારાજ** : ફાગણ વદ ત્રીજ – તિથિ પ્રમાણે (આજે) જન્મ દિવસ (1627)

- **ખાસ** :શિવાજી મહારાજનું ઋણ ચૂકવવા વિયેતનામે તેમની પ્રતિમા બનાવી.
- પાટનગર-હોચી મિન્હ સિટીમાં પ્રતિમા કેમ મુકાઇ?
- 25 વર્ષ 1950-1975 સુધી USA વિયેતનામને હરાવી શક્યું ન હતું કેમ કે વિયેતનામ પાસે શિવાજી મહારાજે વિકસાવેલી ગેરિલા યુદ્ધ પદ્ધતિ હતી.
- USA ના 58 હજાર સૈનિકો શહીદ થયા હતા.

(૫) **દ્વીવર્ષિય “મિલન” (નૌકા) કવાયત** :

- પ્રારંભ 6 માર્ચથી 8 દિવસ માટે
- કુલ- 17 દેશ : ભારત, USA, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, માલદિવ્સ, મોરેશિયસ, મ્યાંમાર, ન્યુઝીલેન્ડ, ઓમાન, વિયેતનામ, થાઇલેન્ડ, ટાન્ઝાનિયા, શ્રીલંકા,

સિંગાપોર, બાંગ્લાદેશ, ઇન્ડોનેશિયા, કેન્યા અને કમ્બોડિયા
- સ્થળ- આંદામાન-નિકોબાર
- હેતુ- ચીનની વધતી જતી દખલગીરી, તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ રોકવા અને ક્ષેત્રિય સહકાર વધારવો.

## 5March

(૧) **માનવાધિકાર કાર્યકર** : શ્રી કૃષ્ણાકુમારી કોહલી (39)
- પાકિસ્તાનના પ્રથમ હિન્દુ દલિત મહિલા સેનેટર તરીકે ચૂંટાયા. સેનેટર એટલે સાંસદ
- પક્ષ- પાકિસ્તાન પીપલ્સ પાર્ટી
- વિસ્તાર- સિંધ પ્રાંત

(૨) **ISSFશૂટિંગ વર્લ્ડ કપ- 2018**
- યજમાન- ગુએન્ડાલાઝાર – મેક્સિકો
- ભારતીય ખેલાડીઓ વિજેતા

(1) **શાહઝાર રિઝવી** -10મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ મેડલ વિજેતા

કારકિર્દીના પ્રથમ વર્લ્ડ કપમાં રિઝવીએ 242.3ના સ્કોર સાથે વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો.

(2) **જીતુરાય**- બ્રોન્ઝ

(3) **મેહુલી ઘોષ**- બ્રોન્ઝ

(4) **મનુ ભાકેર + ઓમપ્રકાશ**ની જોડી ગોલ્ડ મેડલ (10 મીટર)

## 6March

(૧) **એશિયાટિક સિંહ :ગુજરાત**
- 2016માં 104અને 2017 માં 80 સિંહના મોત
- છેલ્લા 10 વર્ષમાં 46 ટકાનો વધારો

(૨) **90 મો ઓસ્કાર/એકેડેમી એવોર્ડ-2018**-લોસ એન્જલસ- USA
- 13 શ્રેણીમાં નોમિનેટ –ફિલ્મ “ ધી શેપ ઓફ વોટર” ને સૌથી વધુ 4 ઓસ્કાર:nબેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડાયરેકટર, બેસ્ટ ઓરિજિનલ સ્કોર અને બેસ્ટ પ્રોડકશન ડિઝાઇન એવોર્ડ
- શશિકપૂર અને શ્રીદેવીને સ્મરણાંજલિ અપાઇ
- બેસ્ટ સ્ક્રીન રાઇટર જોર્ડન પલી પ્રથમ અશ્વેત
- બેસ્ટ શોર્ટ એનિમેટેડ ફિલ્મ- ડિયર બાસ્કેટ બોલ
- NBA ચેમ્પિયન કોબે બ્રાયન્ટ- USA

**કોને કયો ઓસ્કાર એવોર્ડ મળ્યો ?**
- શ્રેષ્ઠ ફિલ્મ- ધ શેપ ઓફ વોટર
- શ્રેષ્ઠ વિદેશી ફિલ્મ- અ ફેન્ટાસ્ટિક વુમેન (ચીલી)
- શ્રેષ્ઠ દિગ્દર્શક- ગુલેર્મો ડેલ ટોરો (ધ શેપ ઓફ વોટર)
- શ્રેષ્ઠ અભિનેતા- ગેરી ઓલ્ડમેન (ડાર્કેસ્ટ અવર)
- શ્રેષ્ઠ અભિનેત્રી- ફ્રાન્સિસ મેકડોર્મેન્ડ(થ્રી બિલબોર્ડ્સ આઉટ સાઇડ એબિંગ મિસૂરી)
- શ્રેષ્ઠ સહાયક અભિનેતા- સેમ રોકવેલ (થ્રી બિલબોર્ડ્સ આઉટ સાઇડ એબિંગ મિસૂરી)
- શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી- એલિસન જેની (આઇ તોન્યા)
- ઓરિજિનલ સોંગ- રીમેમ્બર મી (કોકો)
- ઓરિજિનલ સ્ક્રીનપ્લે- ગેટ આઉટ
- એડોપ્ટ સ્ક્રીનપ્લે- કોલ મી બાય યોર નેમ
- બેસ્ટ એનિમેટેડ ફિલ્મ- કોકો
- બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ- ઇકારસ
- બેસ્ટ લાઇવ એક્શન શોર્ટ- ધ સાઇલેન્ટ ચાઇલ્ડ
- બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મ- હેવેત ઇઝ અ ટ્રાફિક જામ ઓન 405

(3) **NRI નીલ બસુ** :બ્રિટનના મેટ્રો પોલિટન પોલીસમાં ડેપ્યુટી આસિસ્ટન્ટ કમિશનર તરીકે ફરજ બજાવે છે.
- 21મી માર્ચથી હોદ્દો સંભાળશે.

(૪) **8માર્ચ- વિશ્વ મહિલા દિવસ**
- સાગર પરિક્રમા પર નીકળેલી ઓલ વિમેન ટીમને – રાષ્ટ્રપતિના હસ્તે “નારી શક્તિ સન્માન”
- આગેવાની – લેફ્ટનન્ટ કમાન્ડર વર્તિકા જોશી

(૫) **ગ્લોબલ ફાયર પાવર લિસ્ટ-2017**
- લશ્કરી મહાસત્તાઓમાં ભારત ચોથા તેમજ (1) USA (2) ચીન (3) રશિયા
- કુલ- 133દેશ
- પાકિસ્તાન- 13મા ક્રમે
- માપદંડ- દેશની સમગ્ર તાકાત ધ્યાનમાં લેવામાં આવે છે. કુલ- 50 માપદંડ પ્રમાણે ક્રમ નક્કી થાય છે.
- ભારત :
- IAF - 4 th
- NAVY - $7^{th}$

## 7 March

(૧) **નન્હી પરી અવતરણ**-8 માર્ચે જન્મનારી પ્રત્યેક દીકરીને ગુજરાત સરકાર 5ગ્રામ ચાંદીનો સિક્કો આપશે.

- સિક્કામાં એક તરફ લક્ષ્મીજી તો બીજી તરફ સરસ્વતીની મુદ્રા

(૨) **મેઘાલય** :નવા 12C.M.તરીકે કોરનાડ સંગમા (40)

- પક્ષ- નેશનલ પીપલ્સ પાર્ટી
- સમર્થન- BJP+પ્રાદેશિક પક્ષ
- શિલોંગ – (રાજધાની)
- મેઘાલયમાં સૌથી યુવા C.M.

(3) **નાગાલેન્ડ** :નવા C.M. તરીકે નેફિયો રિયો

- પક્ષ- NDPP
- રાજધાની- કોહિમા

(૪) **શમ્મી**- બોલીવુડના પીઢ અભિનેત્રીનું 89 વર્ષે મુંબઇમાં નિધન : પ્રથમ ફિલ્મ – ઉસ્તાદ પેડ્રો (1949)

- ફિલ્મ જગતના- આન્ટી
- મૂળ નામ- નર્ગિસ રાબડી
- પારસી- જન્મ-મુંબઇ

(૫) **CSR**:કંપનીઓએ છેલ્લા ત્રણ વર્ષમાં CSR પાછળ થતા ખર્ચમાં 41 ટકાનો વધારો કર્યો.

- CSR હેઠળ એકત્રિત ફંડમાં હરિયાણા પ્રથમ ક્રમે
- આંધ્રપ્રદેશ બીજા તેમજ ગુજરાત ત્રીજા ક્રમે
- કુલ- 100 કંપનીઓ
- **ગુજરાતમાંથી સીએસઆર હેઠળ 3.6 કરોડ એકત્રિત**
- મહારાષ્ટ્ર, હરિયાણા અને ગુજરાતમાં સીએસઆર હેઠળ એકત્રિત થતા ફંડમાં મોખરે છે. સીએસઆર પાછળ ફાળવણી થતું ફંડ 8.4 કરોડની સાથે હરિયાણા પ્રથમ ક્રમે છે. જ્યારે બીજા ક્રમે આંધ્રપ્રદેશ 6 કરોડ, ગુજરાત 3.6 કરોડ સાથે ત્રીજા ક્રમે છે. કુલ ફંડ 7215.9 કરોડમાંથી શિક્ષણ, અને આરોગ્ય પાછળ 56ટકા ખર્ચ કરવામાં આવ્યો છે. બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન અને સ્વસ્થ ભારત મિશન પર વધુ ફોકસ રાખવામાં આવ્યું છે.
- કોર્પોરેટ સોશિયલ રિસપોન્સિબીલિટી - CSR
- નિયમ રૂા.500 કરોડ થી વધુ ટર્ન ઓવર ધરાવતી કંપનીઓ પોતાના નફાની 2 ટકા રકમ CSR હેઠળ ખર્ચ કરવાની હોય છે.

(૬) **યુનિસેફ- બાળલગ્ન અંગે અહેવાલ**

- ભારતમાં 2006માં બાળલગ્નોનું પ્રમાણ 47 ટકા હતું જે હવે 27 ટકા છે.

**આ 5દેશમાં બાળલગ્નના સૌથી વધુ કિસ્સા**

- ભારત 2.6કરોડ
- બાંગ્લાદેશ 39લાખ
- નાઇજિરિયા 33લાખ
- બ્રાઝિલ 29લાખ
- ઇથિયોપિયા 19લાખ
- 20-24 વર્ષના એ યુવાઓની સંખ્યા છે, જેમના લગ્ન 18 વર્ષની ઉંમર પહેલા થયા.

**આ 5દેશમાં બાળવિવાહનું સૌથી વધુ પ્રમાણ**

- નાઇજર 76%
- આફ્રિકન રિપબ્લિક 68%
- ચાડ 67%
- બાંગ્લાદેશ 59%
- બુર્કિના ફાસો 52%
- 20-24 વર્ષના યુવાઓની સરેરાશ, જેમના લગ્ન 18 વર્ષની ઉંમર પહેલા થયા
- વિશ્વભરમાં બાળલગ્નોનું પ્રમાણ 50 ટકાથી 30 ટકા થયું.
- બિહાર, બંગાળ, રાજસ્થાનમાં બાળ લગ્નનું પ્રમાણ 40 ટકાથી વધુ એટલે કે સૌથી ખરાબ. તમિળનાડુ અને કેરળમાં આ પ્રમાણ 20 ટકાથી ઓછું છે.

## 8March

(૧) **વિશ્વ મહિલા દિવસ / વિશ્વ કિડની ડે** :

- થીમ- "બેટી બચાવો, બેટી પઢાઓ"

**મહાત્મા મંદિરખાતે રાજ્યની ગૌરવશાળી મહિલાઓનું સન્માન.**

- ગુજરાત- રાજ્યકક્ષાની ઉજવણી- મહાત્મા મંદિર, ગાંધીનગર
- આ સંમેલનમાં ભારતીય સેના, વાયુ સેના, કોસ્ટગાર્ડ રમત-ગમત અને અન્ય ક્ષેત્રોમાં સિદ્ધિઓ હાંસલ કરનાર મહિલાઓનું સન્માન કરાશે. સાથે જ માતા યશોદા એવોર્ડ અને આશાવર્કર બહેનોને પણ એવોર્ડ આપવામાં આવ્યા હતા.

**આજીવિકા ગ્રામીણ એક્સપ્રેસ યોજના**

- મહિલા દિનથી પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાની સ્વસહાય જૂથની બહેનોને સાત મારૂતી

ઇકો વાન અપાઇ. રાજ્યના 13 જિલ્લાના 13 તાલુકામાં ગ્રામીણ વિસ્તારોમાં આજીવિકા ગ્રામીણ એક્સપ્રેસ યોજના અંતર્ગત પરિવહન સેવા પુરી પાડવાનું સરકાર આયોજન કરી રહી છે.

- કિડની- 5 વર્ષમાં 80 ટકા મહિલાઓએ 1420 કિડની આપી. – અહેવાલ કિડની ઇન્સ્ટિટયૂટ, અમદાવાદ
- મિઝોરમ- પુરુષો કરતા મહિલા મતદાર વધુ
- **ભારત** : દેશમાં સ્ત્રી-પુરુષની આવકમાં તફાવત ઘટ્યો. 2005-06માં પતિ જેટલી કે વધારે આવકવાળી 21.2 ટકા મહિલાઓ હતી.
- 2015-16માં 42.8% ટકા મહિલાઓ સમાન આવક અથવા વધારે આવક ધરાવે છે.
- દેશની ગ્રામ પંચાયતોમાં 43 ટકા મહિલા સરપંચ છે. એટલે કે લગભગ પુરુષ જેટલી જ.
- કેન્દ્રીય મંત્રીમંડળમાં મહિલાઓની ટકાવારી 18.5 છે, પણ તે એશિયાની સરેરાશ (11 ટકા)થી વધારે છે.
- ભારતમાંથી કુપોષણ નાબૂદ કરવા રાષ્ટ્રવ્યાપી અભિયાન- રાષ્ટ્રીય પોષણ અભિયાનનો આજથી પ્રારંભ
- સૂત્ર- યોગ્ય પોષણ- દેશ રોશન

**મહિલાઓના સશક્તિકરણ માટે ગુજરાત સરકારના પ્રયાસો** :

- તાલુકાકક્ષાએ 170 નારી સંમેલનમાં 85000થી વધારે મહિલાઓએ ભાગ લીધો.
- જિલ્લા કક્ષાએ 82 કાયદા શિબિરોમાં 37500 સ્થાનિક સ્વરાજ્યની ચૂંટાયેલ મહિલા પ્રતિનિધિઓ જોડાયા.
- આયોગના મહિલા હેલ્પલાઇન નં. 1800 233 1111 દ્વારા 35000 મહિલાઓનું કાઉન્સિલીંગ
- NRI મેરેજ સંબંધિત 150 કેસોની કાર્યવાહી
- આયોગના સોશિયલ કાઉન્સિલર દ્વારા 18000 મહિલાઓનું કાઉન્સિલીંગ
- 181 અભયમ મહિલા હેલ્પલાઇન દ્વારા 35 લાખથી વધુ મહિલાઓને લાભ
- વર્ષ 2018-19માં મહિલા આયોગ અને નારી અદાલતો માટે રૂ. 796.00 લાખની જોગવાઇ
- તાલુકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં 267 નારી અદાલતો શરૂ
- નારી અદાલતો દ્વારા 15000 થી વધુ કેસોનો નિકાલ
- મહિલાઓના લગ્નજીવન સંબંધિત સમસ્યાઓના કેસો અંગે આયોગમાં 5000 થી વધુ કેસોની સુનાવણી
- મહિલા આયોગ દ્વારા મહિલાઓના લગ્નજીવન તેમજ અન્ય સંબંધિત 15000 થી વધુ અરજીઓનો નિકાલ
- 15 યુનિવર્સિટી સેમીનારમાં 15000 થી વધુ વિદ્યાર્થી/વિદ્યાર્થીઓનીઓને આપી કાયદાઓની જાણકારી
- **અમદાવાદ જિલ્લો** :બેટી બચાવો, બેટી પઢાવો ક્ષેત્રે પ્રસંશનીય કામગીરી બદલ દેશના 10 જિલ્લાઓમાં અમદાવાદ જિલ્લાનો સમાવેશ
- જિલ્લા કલેકટરશ્રીને P.M.ના હસ્તે એવોર્ડ અપાયો.
- સ્થાન- ઝૂંઝુનું- રાજસ્થાન
- ખાસ- વિશ્વ મહિલા દિને P.M.ના હસ્તે રાજસ્થાનમાં ઝૂંઝુનુ જિલ્લામાંથી રાષ્ટ્રવ્યાપી "બેટી બચાવો, બેટી પઢાવો" અભિયાનનો પ્રારંભ કરાવ્યો.
- વર્ષ 2011:1000 છોકરાએ માત્ર 837 છોકરીઓ
- વર્ષ 2017:1000 છોકરાએ 955 છોકરીઓ
- મહિલાઓના કલ્યાણ માટે ગુજરાત બજેટમાં 3080 કરોડની જોગવાઇ
- વિશ્વ મહિલા દિનની ઉજવણી નિમિત્ત "બેટી બચાવો, બેટી પઢાવો" થીમ ઉપર રાજ્યકક્ષા અને જિલ્લાકક્ષાએ મહિલા કલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન
- "સ્ત્રી ભ્રૂણ હત્યા નાબૂદી" "બાળ અને માતા મૃત્યુ દર ઘટાડવા" વિષયક જનજાગૃતિ કાર્યક્રમો
- તમામ આંગણવાડીઓ 6 વર્ષ સુધીની વયના 29.31 લાખ બાળકો, 12.73 લાખ કિશોરીઓ અને 7.13 લાખ સગર્ભા અને ધાત્રીઓને મળશે પોષણક્ષમ આહાર : રૂ.997 કરોડની જોગવાઇ
- **પ્રધાનમંત્રી માતૃવંદના યોજના** :પ્રથમ વખતની સગર્ભા અને ધાત્રીઓને મળશે રૂા. 5000 સહાય : રૂા. 220 કરોડની જોગવાઇ
- **ગરીબ વર્ગની કન્યાઓને વિનમૂલ્યે સાઇકલ** :અનુસૂચિત જાતિની 24,000 તથા ઓ.બી.સી. અને આર્થિક રીતે નબળા વર્ગની 1,60,000 કન્યાઓને મળશે મફત સાઇકલ : રૂા.64 કરોડની જોગવાઇ
- **કુંવરબાઇનું મામેરુ યોજના** :અનુસૂચિતજાતિની 12,000 તથા ઓ.બી.સી. અને આર્થિક રીતે નબળા

વર્ગની 18,250 કન્યાઓને લગ્ન પ્રસંગે મળશે સહાય : રૂા. 30 કરોડ ખર્ચાશે.

- મહિલા શક્તિ કેન્દ્ર,જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા પોલીસ વોલેન્ટિયર, જેન્ડર સ્ટડી સેન્ટર, પોલીસ બેઇઝ સપોર્ટ સેન્ટર માટે રૂા. 16કરોડની જોગવાઇ
- **વિદ્યા સાધના યોજના** :અનુસૂચિત જનજાતિની ધો. 9 માં ભણતી 45,000 બાળાઓને મળશે મફત સાઇકલ : રૂા.16 કરોડની જોગવાઇ
- વિધવા તાલીમ યોજના : 18 થી 40 વર્ષની નિરાધાર લાભાર્થીને તાલીમના અંતે રૂા.5000ની કિંમતની વ્યવસાય માટે કીટ આપવા રૂા. 13 કરોડની જોગવાઇ
- 93259 આંગણવાડી કાર્યકરો અને હેલ્પરો માટે રૂા.50,000 જીવનવીમા કવચ માટે રૂા. 6 કરોડની જોગવાઇ

(૨) **ફોર્બ્સ મેગેઝીન :USA**

- 2018માં ભારત વિશ્વનો ત્રીજો સૌથી વધુ અબજોપતિ ધરાવતો દેશ (121)
- USA પ્રથમ (585)
- ભારતમાં 121 અબજોપતિ અને તેમની સંપત્તિ રૂા.28 લાખ કરોડ
- શ્રી મુકેશ અંબાણી 33મા ક્રમેથી 19 મા ક્રમે
- 8 ભારતીય મહિલા અબજપતિ
- વિશ્વમાં બેઝોસ, ભારતમાં મુકેશઅંબાણી સૌથી ધનિક

**દુનિયાના ટોચના 5અબજપતિ**

- **નામ (કંપની)** — **સંપત્તિ**
- જેફ બેજોસ (એમેઝોન) — 7.2
- બિલ ગેટ્સ (માઇક્રોસોફ્ટ) — 5.8
- વોરન બફેટ (બર્ક શાયર હાથવે) — 5.4
- બર્નાર્ડ અર્નાલ્ટ (LVMH) — 4.6
- માર્ક ઝુકરબર્ગ — 4.6

(તમામ આંકડા અબજ રૂપિયામાં છે)

**ભારતમાં કુલ અબજપતિ 121**

- ભારતની સૌથી અમીર મહિલા જિંદાલ સ્ટીલની સાવિત્રી જિંદાલ (57 હજાર કરોડ)

**ભારતના ટોચના 5અબજપતિ**

- **નામ (કંપની)** — **સંપત્તિ**
- મુકેશ અંબાણી (રિલાયન્સ) — 2.6
- અઝમી પ્રેમજી (વિપ્રો) — 1.21
- લક્ષ્મી મિત્તલ (આર્સેલર મિત્તલ) — 1.20
- શિવ નાદર (એચસીએલ) — 0.94
- દિલીપ સંઘવી (સન ફાર્મા) — 0.83

(તમામ આંકડા અબજ રૂપિયામાં છે)

- ભારતના સૌથી યુવા મીર પેટીએમના સ્થાપક વિજય શર્મા (રૂા.11 હજાર કરોડ)
- **શ્રીમંતોની યાદીમાં કુલ ભારતીય મહિલાઓ- 8**
- વિશ્વમાં કુલ- 2208 અબજપતિ સંપત્તિ રૂા. 590 લાખ કરોડ
- ફોર્બ્સ વર્લ્ડ બિલિયોનર લિસ્ટ-2018

(3) **અમદાવાદના વિશ્વ પ્રસિદ્ધ આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશી (90)**ને આર્કિટેક્ચ માટેના નોબેલ પ્રાઇઝ સમાન પ્રિત્ઝકર એવોર્ડ – 2018 અપાયો.

- બાલકૃષ્ણ વિઠ્ઠલદાસ દોશી
- 7 દાયકાના પીઢ અનુભવી
- રકમ- રૂા.1 લાખ US ડોલર અને કાંસ્ય પત્રક
- સમગ્ર દક્ષિણ એશિયામાં પ્રિત્ઝકર વિજેતા પ્રથમ
- વિશ્વ પ્રસિદ્ધ અર્બન ટાઉન પ્લાનર
- જન્મ- પૂના
- કાર્ય- ટાગોર હોલ, આત્મા ઇમારત, હુસૈન દોશી ગુફા, સ્કૂલ ઓફ આર્કિટેક્ચર- અમદાવાદ (સેપ્ટ યુનિ.)
- ચંદીગઢ સીટીના નિમાર્ણમાં ભૂમિકા
- ઇન્દોરનો 6500 ઘરનો અરણ્ય કાહ્ય લો કોસ્ટ હાઉસિંગ પ્રોજેક્ટ- (IFM-B)
- લા કોર્બ્યુસર અને લુઇસ કાહ્ય સાથે કામ કર્યું.
- 1976 માં પદ્મશ્રી
- વિશેષતા- સસ્તા, ટકાઉ અને પર્યાવરણની રીતે અનુકૂળ ઘર- જાહેર સંસ્થાઓના નિર્માણમાં ખ્યાતિ પ્રાપ્ત કરી હતી.

(૪) **કેન્દ્રીય કર્મચારી**- DAમાં 2 ટકાનો વધારો

- અમલ- 01-01-2018થી
- D.A. - 5 ટકાથી 7 ટકા DA

(૫) **સરદાર વલ્લભભાઇ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ-** અમદાવાદ- બેસ્ટ ઇમ્પ્રૂવ્ઝ એરપોર્ટ ઇન એશિયા પેસિફિક કેટેગરીમાં પ્રથમ

- એરપોર્ટ સર્વિસ કવોલિટી એવોર્ડ- 2017 અપાયો.
- સંસ્થા- એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટેરેશન

**9March**

(૧) **ગુજરાત સરકાર** –આરોગ્ય અને પરિવાર કલ્યાણ :

- વર્ષ- 2018-19માં આરોગ્ય સેવાઓ માટે માથાદીઠ વાર્ષિક રૂ.1479 ની જોગવાઇ એટલે કે પ્રતિ દિવસ માથાદીઠ અંદાજે રૂ. 4.05 ખર્ચાશે.
- 2015-16 રૂ. 3.15
- 2016-17 રૂ. 3.25
- 2017-18 રૂ. 3.68
- 2018-19 રૂ. 4.05

(૨) **રાજ્યસભા ચૂંટણી-2018**ગુજરાત તા.15-03-2018

- કુલ ચાર સભ્યો બિનહરિફ ચૂંટાયા

**ભાજપ-**

(૧) મનસુખભાઇ લક્ષ્મણભાઇ માંડવિયા

(૨) પરસોતમ ખોડાભાઇ રૂપાલા

**કોંગ્રેસ-**

(૧) અમી હર્ષદભાઇ યાજ્ઞિક

(૨) નારણભાઇ જેમલાભાઇ રાઠવા

(3) **કર્ણાટક** :કન્નડ અસ્મિતાને ઉજાગર કરતો કર્ણાટક રાજ્યનો અલગ ધ્વજ - "નાદ ધ્વજ" ને રાજ્ય સરકારે મંજૂરી આપી.

- ડિઝાઇન- પીળા, સફેદ તથા લાલ રંગ
- વચ્ચે પૌરાણિક પક્ષી - "ગંધા ભેરૂન્ડા" નું પ્રતિક
- કેન્દ્ર સરકારની મંજૂરી માટે મોકલાશે.

(૪) **છત્તીસગઢ** :ગઢવન, મહારાજી અને લાઇચા નામની ત્રણ ચોખાની જાત એન્ટીકેન્સરના ગુણો ધરાવે છે.

- સમર્થન- ઇન્દિરા ગાંધી કૃષિ વિશ્વ વિદ્યાલય-રાયપુર
- ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર, મુંબઇ
- લાભ- ફેફસાના કેન્સરમાં 50 થી 70 ટકા તેમજ સ્તન કેન્સરમાં 10 થી 60 ટકા સુધારો.
- વિસ્તાર- બસ્તર

(૫) **વસંતોત્સવ- 2018**

- પ્રથમ પ્રારંભ- 1996
- સ્થળ-સંસ્કૃતિ કુંજ, ગાંધીનગર

(૬) **'જળ છે તો જીવન છે'** –દિવ્ય ભાસ્કરનું પાણી બચાવો અભિયાન

- પાણીનો દુરુપયોગ કરતા જુઓ તો એમને કહો... જળ શ્રી કૃષ્ણ
- **સંકટને આ રીતે સમજીએ**,નર્મદા પરઆપણી નિર્ભરતા 85% છે. 8 વર્ષમાં નર્મદામાં આવક 18 લાખ કરોડ લિટર ઘટી છે. બીજી તરફ પાણીની માથાદીઠ જરૂરિયાત 8 વર્ષમાં 109 લિટરથી વધી 175 લિટર થઇ છે. દૈનિક જરૂરિયાતમાં 66 લિટરનો વધારો થયો છે.
- આપણે રોજ માથાદીઠ 175 લિટર જળ વાપરીએ છીએ, જ્યારે દેશ 123 લિટર જ વાપરે છે.
- **ગુજરાતમાં માથાદીઠ દૈનિક વપરાશ**

| શહેર | લિટર | શહેર | લિટર |
|---|---|---|---|
| ગાંધીનગર | 310 | સુરત | 170 |
| અમદાવાદ | 180 | રાજકોટ | 120 |
| વડોદરા | 170 | **કુલ સરેરાશ** | 175 |

**દેશમાં માથાદીઠ દૈનક વપરાશ**

| શહેર | લિટર | શહેર | લિટર |
|---|---|---|---|
| બેંગલોર | 74 | ચેન્નઇ | 87 |
| મુંબઇ | 191 | ભોપાલ | 72 |
| ચંદીગઢ | 147 | **કુલ સરેરાશ** | 123 |

**અમદાવાદ દરરોજ 38 કરોડ લિટર પાણી વેડફી નાખે છે.** શહેરના 39.5% લોકોના દૈનિક વપરાશ જેટલું પાણી અમદાવાદીઓ દરરોજ વેડફી નાખે છે. (આ વેડફાટ લીકેજ, બીનજરૂરી વપરાશ, પાણીના ગેરકાયદે કનેકશનના લીધે થાય છે)

(૭) **12 મી વિન્ટર પેરાગેમ્સ –2018 નો પ્રારંભ**

- કુલ દેશ- 40
- 670 ખેલાડી
- રમત- 06
- યજમાન- પ્યોંગચેબ – દક્ષિણ કોરિયા
- પ્રથમ પ્રારંભ- 1976 (સ્વિડન)

(૮) **દેશમાં 29 માંથી 11 રાજ્યોને વિશેષ દરજ્જો, અન્ય 5 પણ માગી રહ્યા છે.**

- **વિશેષ દરજ્જો ધરાવતા રાજ્યો:-**
- જમ્મુ કશ્મીર, હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ, અરુણાચલ, સિક્કીમ, નાગાલેન્ડ, ત્રિપુરા, મણિપુર, મિઝોરમ, મેઘાલય અને આસામ
- કેન્દ્ર મુજબ આંધ્રપ્રદેશ, ઉપરાંત બિહાર, ઓડીશા, રાજસ્થાન અને ગોવાની સરકારો કેન્દ્ર સરકાર પાસેથી વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માગણી કરી રહી છે.

- આંધ્ર કહે છે કે તેલંગણા બનવાથી પ્રદેશની મહેસૂલ ખાદ્ય 16 હજાર કરોડ રૂપિયા થઇ ગઇ છે. તેથી તેને વિશેષ દરજ્જો મળવો જોઇએ.

**14 માનાણાપંચનીભલામણોને કારણેઆંધ્રને દરજ્જો મળી રહ્યો નથી.**

- ટીડીપીની માગણી અંગે નાણાપ્રધાન જેટલીએ કહ્યું છે કે જે સમયે આંધ્રનું વિભાજન થયું તે વખતે આ દરજ્જો આપી શકાતો હતો પરંતુ 14 મા નાણાપંચ બાદ હવે આ દરજજો નોર્થ-ઇસ્ટ અને પહાડી રાજ્યો સિવાય અન્ય કોઇને મળી શકતો નથી. આંધ્રના મામલામાં કેન્દ્ર ફંડનો 90 ટકા હિસ્સો આપવા માટે તૈયાર છે.

**કેવી રીતે દરજ્જો મળે છે:-**

- ભૌગોલિક, સામાજિક, આર્થિક સંસાધનોનો દ્રષ્ટિએ મળે છે.
- બંધારણમાં વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની જોગવાઇ છે. 1969માં પહેલીવાર પાંચમાં નાણાપંચના સૂચન પર 3 રાજ્યોને વિશેષ રાજ્યનો દરજ્જો મળ્યો. તેમાં એવા રાજ્યો હતા જેઓ અન્ય રાજ્યની સરખામણીએ ભૌગોલિક, સામાજિક, અને આર્થિક સંસાધનોની દ્રષ્ટિએ પછાત હતા. નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલે પહાડ, દુર્ગમ ક્ષેત્ર, ઓછી જન સંખ્યા, આદિવાસી વિસ્તાર આતંરરાષ્ટ્રીય બોર્ડર, મથાદીઠ આવક અને ઓછા મહેસૂલને આધારે આ રાજ્યોની ઓળખ કરાઇ.

**પહેલીવાર ક્યારે મળ્યો :-**

- 49 વર્ષ પહેલા 3 રાજ્યોને વિશેષ રાજ્યનો દરજ્જો મળ્યો હતો.
- 1969 સુધી કેન્દ્ર પાસે રાજ્યોને અનુદાન આપવાનો કોઇ નિશ્ચિત માપદંડ ન હતો. ત્યારે કેન્દ્ર તરફથી રાજ્યોને માત્ર યોજના આધારિત અનુદાન જ આપવામાં આવતું હતું. 1969માં પાંચમા નાણાપંચે ગાડગિલ ફોર્મ્યુલા હેઠળ પહેલી વાર 3 રાજ્યોને વિશેષ રાજ્યનો દરજ્જો આપ્યો. તેમાં આસામ, નાગાલેન્ડ અને જમ્મુ કાશ્મીર હતા. દેશમાં 11 રાજ્યોને વિશેષ દરજ્જો મળ્યો છે. અરુણાચલ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, સિક્કિમ, ત્રિપુરા, હિમાચલ અને ઉત્તરાખંડને બાદમાં મળ્યો.

**શું ફાયદા છે?કેન્દ્ર વિશેષ રાજ્યોને 90ટકા અનુદાન આપે છે.**

- વિશેષ રાજ્યનો દરજ્જો મેળવનારા રાજ્યોને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી રકમમાં 90 ટકા અનુદાન અને 10ટકા રકમ વ્યાજ વગરની લોન તરીકે મળે છે. જ્યારે બીજી શ્રેણીના રાજ્યોને કેન્દ્ર સરકાર દ્વારા 30 ટકા રકમ અનુદાન તરીકે અને 70ટકા રકમ લોન તરીકે આપવામાં આવે છે. તે ઉપરાંત વિશેષ રાજ્યોને એક્સાઇઝ, કસ્ટમ, કોર્પોરેટ, ઇન્કમ વગેરે ટેક્સમાં પણ છૂટ મળે છે. કેન્દ્રીય બજેટમાં પ્લાન્ડ ખર્ચનો 30 ટકા હિસ્સો વિશેષ રાજ્યોને મળે છે. વિશેષ રાજ્યો દ્વારા ખર્ચ નહીં થયેલા નાણા આગામી નાણાકીય વર્ષ માટે જારી થઇ જાય છે.

## 10 March

(૧) **ગુજરાત યુનિવર્સિટી**- અમદાવાદ

- સ્ટાર્ટઅપ ઇનોવેશન કન્સલટન્સી પોલીસી લોન્ચ કરાઇ
- કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીશ્રી સુરેશ પ્રભુની ઉપસ્થિતિ
- એવોર્ડ- ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ રત્ન એવોર્ડ અપાયો.
- VC: ડૉ. હિમાંશુ પંડ્યા

(૨) **સુપ્રીમ કોર્ટ** :ઇચ્છા મૃત્યુને મંજૂરી અપાઇ.

- જીવવાનીજેમ જ ગરિમાપૂર્ણ મૃત્યુનો પણ મૌલિક અધિકાર સામેલ.
- ઇચ્છા મૃત્યુનો અધિકાર આપનાર ભારત વિશ્વનો 22 મો દેશ : (ઇચ્છા મૃત્યુ – પેસિવ યુથેનેશિયા) (ગ્રીક શબ્દ)
- અસાધ્ય બિમારીથી પીડિત વ્યક્તિને પોતાના મૃત્યુની પસંદગીનો અધિકાર છે.
- લિવિંગ વિલની પણ મંજૂરી
- બંધારણની કલમ 21 હેઠળ જીવવાના અધિકારમાં ગરિમાપૂર્ણ મરવાનો અધિકાર સામેલ છે.
- અરજી કરનાર NGO કોમન કોઝ
- 11 મે 2005 માં અરજી કરાઇ હતી.
- **ઇચ્છા મૃત્યુ – સુપ્રીમકોર્ટ દ્વારા જારી કરાયેલા દિશા-નિર્દેશ**

1. એવા દર્દી જેઓ ગંભીર બીમાર છે જેમના ઉપચારની સંભાવના ન બચી હોય તેઓ ઇચ્છા મૃત્યુ માટે લખી શકે છે.
2. પરિવારજનોની સહમતિ પણ અનિવાર્ય છે.
3. દર્દી કે તેના પરિવારજનોએ હાઇકોર્ટમાં ઇચ્છા મૃત્યુ માટે અરજી કરવી પડશે.
4. હાઇકોર્ટે સંબંધિત વ્યક્તિની તપાસ માટે એક મેડિકલ બોર્ડની રચના કરવાનો આદેશ. જારી કરશે.
5. મેડિકલ બોર્ડમાં એક્સપર્ટ ડોકટર દર્દીના શરીરની તપાસ કરીને એવા નિષ્કર્ષ પર આવશે કે દર્દીનો ઉપચાર શકય છે કે નહીં તેના સાજા થવાની સંભાવનાઓ છે કે નહીં
6. મેડિકલ બોર્ડની મંજૂરી મળ્યા પછી હાઇકોર્ટ સંબંધિત હોસ્પિટલ, જ્યાં દર્દી દાખલ છે, તેના અધિક્ષકને દર્દીની લાઇફ સપોર્ટ સિસ્ટમ હટાવવા માટે આદેશ જારી કરશે.
7.કોઇ એવી વ્યક્તિની લાઇફ વિલ અંગે સંપૂર્ણ તપાસ થશે, જેને સંપત્તિ કે વારસામાં લાભ થવાનો હોય. રાજ્ય સરકાર દ્વારાઆ તપાસ કરાવવામાં આવશે. જેથી તેનો દુરુપયોગ ન થાય.

**ઇચ્છામૃત્યુની બે રીત :-**

- પહેલી- નિષ્ક્રિય ઇચ્છામૃત્યુ અને બીજી સક્રિય ઇચ્છામૃત્યુ. નિષ્ક્રિય ઇચ્છામૃત્યુની બાબતમાં એવી વ્યક્તિને તેના પરિવારજનોની મંજુરીથી મરવાની છૂટ અપાશે, જે લાઇફ સપોર્ટિંગ સિસ્ટમ પર બેભાન અવસ્થામાં રહે છે, પરંતુ ટેકનિકલ રીતે તે જીવિત હોય છે. પરિવારજનો ન હોય તો ડોકટર પણ આ નિર્ણય કરી શકે છે.

**દુરુપયોગ રોકવા માટે શરત:-**

- ઇચ્છામૃત્યુની આ નવી જોગવાઇનો દુરુપયોગ રોકવા માટે શરતો પણ રખાઇ છે. કોઇ એવી વ્યક્તિના લાઇફ વિલ અંગે સંપૂર્ણ તપાસ થશે, જેને સંપત્તિ અથવા વારસામાં લાભ થવાનો હોય.
- અરુણા શાનબાગ (નર્સ)- મુંબઇ – 2011માં ઇચ્છામૃત્યુની અરજી SC દ્વારા ફગાવાઇ
- અરજી કરનાર પત્રકાર- પિન્કી વિરાની
- ઘટના- 27-11-1973

**આ દેશોમાં અધિકાર છે.**

- સ્વિત્ઝર્લેન્ડ, નેધરલેન્ડ્સ, લક્સમબર્ગ, અલ્બાનિયા, કોલંબિયા, જર્મની, કેનેડા, બેલ્જિયમ, બ્રિટન, આયર્લેન્ડ, ચીન, ન્યૂઝિલેન્ડ, ઇટાલી, સ્પેન, ડેનમાર્ક, ફ્રાન્સ, રોમાનિયા, ફિનલેન્ડમાં ઇચ્છામૃત્યુનો અધિકાર છે. તે ઉપરાંત અમેરિકાના ૪ અને ઓસ્ટ્રેલિયાના વિકટોરિયા રાજ્યમાં પણ તેનો કાયદો છે.

**ઇચ્છા મૃત્યુ શું છે?**

- ઇચ્છામૃત્યુ એટલે કે યુથનેશિયા, આ ગ્રીક શબ્દ છે. યુથનેશિયા, ઇચ્છા-મૃત્યુ અથવા મર્સી કિલિંગ પર દુનિયામાં લાંબા સમયથી ચર્ચા છે. અનેક દેશોમાં તેને મંજૂરી આપવાની માગ વધી છે. મેડિકલ સાયન્સમાં ઇચ્છામૃત્યુની અનેક રીત છે.

**ઇચ્છામૃત્યુની 5 રીત :-**

- વોલન્ટરી એક્ટિવ યુથનેશિયા- દર્દીની મંજૂરી બાદ જાણી જોઇને એવી દવાઓ આપવી, જેનાથી તેનું મોતથઇ જાય. નેધરલેન્ડ- બેલ્જિયમમાં કાયદેસર છે. ઇનવોલન્ટરી એક્ટિવયુથનેશિયા દર્દી મૃત્યુની મંજૂરી આપવા અસમર્થ હોય ત્યારે તેને મારવા જાણી જોઇને દવાઓ આપવી. દુનિયામાં ગેરકાયદે છે. પેસિવ યુથનેશિયા-દર્દીના મૃત્યુ માટે સારવાર બંધ કરવી અથવા લાઇફસપોર્ટ સિસ્ટમ હટાવવી. એક્ટિવ યુથનેશિયા- એવી દવા આપવી, જેથી દર્દીને રાહત મળે પરંતુ પાછળથી મોત થઇ જાય. આસિસ્ટેડ સુસાઇડ- સંમતિના આધારે ડોકટર દર્દીને એવી દવા આપે છે જે લઇને આત્મહત્યા કરી શકાય છે.

(3) **ત્રિપુરા** :નવા C.M.તરીકે ભાજપના બિપ્લવ કુમારદેવના શપથ- નિમણૂંક

- જન્મ- ઉદયપુર
- રાજધાની- અગરતલા
- અન્ય નામ- વિપ્લવકુમાર દેવ
- Dy.C.M.

(૪) **પંજાબી સૂફી ગીતોના ગાયક** – પ્યારેલાલ વડાલીનું નિધન

- જોડી- પૂરનચંદ વડાલી અને પ્યારેલાલ વડાલી
- નિધન- અમૃતસર
- ઓળખ- વડાલી બ્રધર્સ તરીકે, પદ્મશ્રી- 2005
- અન્ય- ભજન,ગીત, ગઝલ, લોકગીતના, ફિલ્મી ગીતોના પણ ગાયક

(૫) **જાતિય અત્યાચાર** :રાજસ્થાનમાં 12 કે તેથી ઓછી વયની બાળા પર બળાત્કાર બદલ ફાંસીની જોગવાઇનું બિલ પસાર

- પ્રથમ રાજ્ય- મધ્યપ્રદેશ
- બીજુ રાજ્ય- રાજસ્થાન

## 11March

(૧) **કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુ-** નાગરિક ઉડ્ડયન મંત્રાલયનો વધારાનો ચાર્જ

- હાલમાં વાણિજ્ય તથા ઉદ્યોગમંત્રી
- TDPના અશોક જગપતિ રાજુ દ્વારા રાજીનામું અપાયું.

(૨) **સરકારી બેન્કો** :પાસપોર્ટની વિગતવિના રૂ. 50 કરોડથી વધુની લોન નહીં આપે.

- હાલમાં 50કરોડથી વધુની બેન્ક લોન લેનારે 45 દિવસમાં પાસપોર્ટની વિગતો રજૂ કરવી પડશે.

(3) **ISA** :1ST International Solar Allianceસમિટ- 2018

- આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (isa)
- સ્થાપક + વડુમથક, ભારત અને ફ્રાંસ, - નવી દિલ્હી,
- સંમેલન- 11-3-18ગુડગાંવ
- રાષ્ટ્રપતિ ભવન- નવી દિલ્હી
- સ્થાપના- 2015શ્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપ્રમુખ (ફ્રાંસ)- ફ્રેન્ક્રોઇસ હોલાન્દે
- isa એટલે ?
- isa પ્રથમ સંધિ આધારિત આંતરરાષ્ટ્રીય આંતર-સરકારી સંગઠન છે. તેનું વડું મથક ભારતમાં નવી દિલ્હી સ્થિત છે. તે કર્ક અને મકર રેખાઓ વચ્ચે સંપૂર્ણ અથવા આંશિક રૂપે સ્થિત સૌર ઊર્જા સંશાધનની વિપુલતા વાળા દેશોનું એક ગઠબંધન છે. આ પહેલના માધ્યમથી સભ્ય દેશ સામૂહિક રીતે સૌર ઊર્જાનો ઉપયોગ વધારવા માટે કાર્ય નીતિઓ તૈયાર કરી શકશે અને એકસમાન મહત્વના પડકારનું નિવારણ કરવામાં સમર્થ બનશે.
- પેરિસ ઘોષણાપત્ર બાદ રચના કરાઇ.
- મંત્રાલય- નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રાલય અને વિદેશ મંત્રાલય
- ફ્રાન્સ રાષ્ટ્રપતિ દ્વારા સોલાર એલાયન્સ લોન્ચ કરાયું તેમજ મુખ્યાલયનો શિલાન્યાસ (2016) કર્યો.
- isa માટે વિશ્વના 60 દેશોના કરાર

(૪) **ભારત-ફ્રાન્સ સંબંધો : 1988 થી :-**

- ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેનુએલ મેક્રો ત્રણ દિવસના ભારતના પ્રવાસે
- FDI માં ફ્રાન્સ નવમો દેશ
- બંને વચ્ચે 16અબજ ડોલરના 14કરાર
- **કરારના ક્ષેત્રો** :એજ્યુકેશન, રેલવે, ઇન્ડો- ફ્રાન્સ રેલવે ફોરમ, લોજિસ્ટિક સપોર્ટ- પર્યાવરણ, અંતરિક્ષ, મેરીટાઇમ એવરનેસ, ન્યૂક્લિયર પાવર, સ્માર્ટ સિટી, સોલર ઉર્જા, ડ્રગ્સ તસ્કરી અટકાવવી, માઇગ્રેશનઅને મોબિલિટી, ગુપ્ત માહિતીશેર ન કરવી, હાઇડ્રોગ્રાફી અને મેરિટાઇમ કાર્ટોગ્રાફી
- નેવલ બેઝનો પરસ્પરિક ઉપયોગ કરશે.
- 2015માં પીએમ મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ફ્રાન્સ્વા ઓલાંદે પેરિસમાં ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (આઇએસએ) ની રચના કરી હતી. 2016 માં ઓલાંદે જ આઇએસએના મુખ્યાલયનો શિલાન્યાસ કર્યો હતો. હવે ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રો રવિવારે રાષ્ટ્રપતિભવનમાં તેની પહેલી સમિટનું ઉદ્દઘાટન કર્યું. તેમાં 23 દેશોના રાષ્ટ્રપ્રમુખ, 10 દેશોના મંત્રી સહિત 121 દેશોના પ્રતિનિધિ ભાગ લેશે.

**આઇએસએ કર્ક અને મકર રેખા વચ્ચેના 121 દેશોનો જૂથ**

- આઇએસએ કર્ક અને મકર રેખા વચ્ચે આવતા દેશોનું જૂથ છે. તેમાં 121 દેશોનો સમાવેશ થાય છે. આ દેશોમાં આખું વર્ષ તડકો રહે છે. બધા દેશ સૌર ઊર્જાના ક્ષેત્રમાં મળીને કામ કરશે. ભારતે મુખ્યાલય માટે 5એકર જમીન આપી છે. આઇએસએ અને વર્લ્ડ બેન્કે 2017માં ગ્લોબલ સોલર એટલસ જાહેર કર્યો હતો. મિની સોલર ગ્રીડ પણ બનાવી છે.

**ભારત સૌર ઊર્જા ઉત્પાદનમાં લક્ષ્ય કરતાં 3 વર્ષઆગળ ચાલી રહ્યું છે.**

- ભારત અત્યારે સૌર ઊર્જાથી દર વર્ષે 20 હજાર મેગાવોટ વીજળી પેદા કરી રહ્યો છે. 2022 સુધી સૌર ઊર્જાથી 100 ગીગાવોટ વીજળી ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે. ભારત સૌરઊર્જાથી વીજળી બનાવવાના લક્ષ્યથી ત્રણ વર્ષ આગળ ચાલી રહ્યો છે. 2030 સુધી 40 ટકા રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરવાનો છે. તે વર્ષ 2027માં જ પૂરુ થતું જોવા મળી રહ્યું છે.

- સમિટમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રો સાથે શ્રીલંકા, બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ સમિટમાં રહેશે. સાઉથ અમેરિકન, પેસેફિક દેશોના નેતા અને વર્લ્ડ બેંક, બ્રિક્સ બેન્ક, એડીબી, યુરોપિયન ઇન્વેસ્ટમેન્ટ બેન્કના વડા ભાગ લેશે.
- ફ્રાન્સ દ્વારા isa ને 5600 કરોડની સહાય 2022 સુધીમાં કરાશે. ફ્રાન્સ વિકાસશીલ દેશોમાં સોલાર પ્રોજેક્ટ હેઠળ 90 કરોડ ડોલરનો ખર્ચ કરશે.

(૫) **OTA – ઓફિસરઓફ ટ્રેનિંગ એકેડેમી - ચેન્નઇ**

- 55 વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર બે મહિલા કેડેટ પ્રતિ ચૌધરીને સ્વાર્ડ ઓફ ઓનર તેમજ પ્રીતિને સિલ્વર મેડલ

(૬) **ગુજરાતી એથ્લીટ સરિતા ગાયકવાડ : વતન- ડાંગ**

- ઉપનામ- ડાંગ એક્સપ્રેસ
- ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ ગેમ્સ-2018માં ભારતના 31 ખેલાડી ભાગ લેશે. સરિતાનો ટીમમાં સમાવેશ
- રમત-4 બાય 400 મીટર રિલેમાં ભાગ લેશે.
- ગામ- કરાડી આંબા

(૭) **ફુટવેર ડિઝાઇન એન્ડ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટયૂટ** (FDDI)નો પ્રારંભ

- સ્થળ- GIDC અંકલેશ્વર
- ઉપસ્થિતિ- કેન્દ્રીય વાણિજ્ય મંત્રી શ્રી સુરેશ પ્રભુ
- વિસ્તાર-10 એકર

## 12March

(૧) **દાંડી યાત્રાનો પ્રારંભ -1930**

- સાબરમતી આશ્રમ– અમદાવાદ
- આજથી 88 વર્ષ પહેલા

(૨) **ચીન પ્રમુખ શી જિનપિંગ :**

- પ્રમખ જિનપિંગનો કાર્યકાળ આજીવન કરાયો કુલ- 2980 સાંસદોમાંથી સમર્થનમાં 2975 મત મળ્યા.
- રબ્બર સ્ટેમ્પ સંસદ મહોર મારી
- ગેરહાજર-03: વિરૂદ્ધ- 02
- 10 વર્ષની મુદ્દત દૂર કરાઇ (અગાઉ સળંગ બે ટર્મથી વધુ ન રહી શકે તેવી જોગવાઇ હતી) ઉપપ્રમુખ- વાંગકિચાન
- PM- લે કેકિઆંગ
- પક્ષ- કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઇના
- હવે કાર્યકાળ- 2023 પછી પણ વધારાયો

(3) **યાત્રાધામ નારેશ્વર** :7 કરોડના ખર્ચે વિશ્વનું પ્રથમ ગોલ્ડ પ્લેટેડ ગ્રંથ મંદિર તૈયાર કરાયું.

- પૂ. રંગ અવધૂત મહારાજ રચિત ગુરૂ લીલામૃતના 19000 દોહરા સુવર્ણ ઢોળથી મઢાયા
- ભાષા- ગુજરાતી પ્રાકૃત
- 1500 લોકોની બેસવાની સુવિધા ઉપલબ્ધ

(૪) **ભારતમાં વી જવપરાશ અને સ્ત્રોત**

- કોલસો- 220 ગીગાવોટ
- હાઇડ્રો- 45 ગીગાવોટ
- રિન્યુએબલ-58 ગીગાવોટ
- ન્યુક્લિયર-7 ગીગાવોટ

આ આંકડા જૂન- 2017 સુધીના છે. સ્ત્રોત- આઇબીઇએફ

**દુનિયામાં વીજ વપરાશ અને સ્ત્રોત**

- હાઇડ્રો- 6.79%
- ગેસ- 23.85%
- કોલસો-29.20%
- ન્યુક્લિયર- 4.44%
- વિન્ડ-1.44%
- સોલર- 0.45%
- અન્ય- 0.89%
- ઓઇલ-32.94%

આઆંકડા 2016 સુધીના છે. સ્ત્રોત વર્લ્ડ એનર્જી કાઉન્સિલ

- 100GW ભારત 2022 સુધી વીજળી ઉત્પન્ન કરશે.
- સંમેલનમાં મોદીએ કહ્યું કે ભારત 2022 સુધી રિન્યૂએબલ એનર્જીના સ્ત્રોતોથી 175 ગીગાવોટ વીજળી ઉત્પન્ન કરવા લાગશે. જ્યારે 100 ગીગાવોટ સૌ ઊર્જા પેદા થવા લાગશે. છેલ્લા 3 વર્ષમાં ભારતમાં 28 કરોડ એલઇડી બલ્બ વહેંચવામાં આવ્યા છે. તેનાથી 2 અબજ ડોલર અને 4 ગીગાવોટ વીજળીની બચત થઇ છે. ભારત અત્યારે આશરે 20 ગીગાવોટ રિન્યૂએબલ ઊર્જા ઉત્પન્ન કરી રહ્યું છે. દેશમાં કુલ 58.30 ગીગાવોટ રિન્યૂએબલ ઊર્જાનું ઉત્પાદન થાય છે. આ કુલ ઉત્પાદનનું 18.5 ટકા છે.
- 5600 કરોડના ફંડથી 2030 સુધીમાં 1000 ગીગાવોટ વીજળી ઉત્પાદનનું લક્ષ્ય-જેની કુલ કિંમત 65 લાખ કરોડ હશે.

**હેતુ- સસ્તી અને સતત વીજળી આપવી**

- પેરિસ સમજૂતી હેઠળ આઇએસએનો હેતુ 2030સુધીતેના દ્વારા સોલર ઊર્જાના ક્ષેત્રમાં 1000 અબજ ડોલરનું રોકાણ કરવાનો છે. સભ્ય દેશોને ઓછા ખર્ચે સોલર વીજળી ઉત્પન્ન કરવાની ટેકનિક ઉપલબધ કરાવવાની છે. સાથે જ તેમને ભવિષ્યની જરૂરતો મુજબ ટેકનિક અને પદ્ધતિ ઉપલબ્ધ કરાવવાનું પણ છે.

**ભારત : દુનિયાના 6 માંથી 3 સૌથી મોટા પ્રોજેક્ટ**

- પેરિસ જળવાયુ સમજૂતી હેઠળ ભારતે 2030 સુધી 40 ટકા વીજળીનું ઉત્પાદન બિન-અશ્મિભૂત ઇંધણ દ્વારા કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. દુનિયાના 6 સૌથી મોટા સોલર પાર્કમાંથી 3 ભારતમાં છે. તેમાં દુનિયાનો ત્રીજો સૌથી મોટો સોલર પાર્ક પણ છે, જે આંધ્રપ્રદેશના કુરનૂલમાં છે.

## 13March

**(૧) ગુજરાતમાં વીજ ઉત્પાદન અને વપરાશ :**

- 2002 માં સ્થાપિત ક્ષમતા 8756 મેગાવોટ હતી જે આજે વધીને 26720 મેગાવોટ થઇ છે.
- રાષ્ટ્રીય સરેરાશ વીજ વપરાશ-1122 યુનિટ જ્યારે ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ 2279 યુનિટ

**(૨) રમણભાઇ નીલકંઠ**-હિન્દના પ્રથમ હાસ્યકાર

- જન્મ- 13 માર્ચ 1868
- 150 મી જન્મ જયંતી
- ગુજરાતી કૃતિ ભદ્રંભદ્રના સર્જક

**(3) દૂધ ઉત્પાદન – ભારત**

- વિશ્વનો સૌથી મોટા દૂધ ઉત્પાદક દેશ- ભારત
- વર્ષ-2017માં 16.54 કરોડ ટન દૂધનું ઉત્પાદન
- છેલ્લા ત્રણ વર્ષમાં 20 ટકાનો વધારો
- પ્રતિદિન દૂધની ઉપલબ્ધતા
- 2013-14 – 307 ગ્રામ જ્યારે 2016-17માં 355 ગ્રામ પ્રતિ વ્યક્તિ

**(૪) વારાણસી** :ગંગા નદીમાં ફ્રાન્સના PM ને 3 કિ.મી.ની સફર કરાવી

- ફ્રાન્સના સહયોગથી UPના મિર્ઝાપુરમાં 650 કરોડના ખર્ચે દૈનિક 5લાખ યુનિટ વીજળી ઉત્પાદન કરતા સોલર પ્લાન્ટ ખૂલ્લો મુકાયા : દૈનિક 1.5 લાખ ઘરોને વીજળી મળશે.
- વિસ્તાર- 382 એકર
- 1.50 લાખ ઘરોને વીજળી અપાશે.
- ભારત 2032 સુધીમાં પરમાણુ વીજમથકો દ્વારા વીજ ઉત્પાદન 9 ગણુ વધારવા માગે છે.
- વિસ્તાર-સ્થળ-દાદરકલાન

**(૫) પાણી બચાવો અભિયાન**

- ટોઇલેટમાં ડ્યુઅલ ફ્લશઅનિવાર્ય
- નવી કોઇપણ ઇમારતમાં ડ્યુઅલ ફ્લશ હશેતો જ NOC મળશે. (હાફ અને ફૂલ-ફલશ)
- યુરિનલ અને શૌચાલય વપરાશ માટે અલગ અલગ ફલશ.

**(૭) ISSF શૂટિંગ વર્લ્ડકપ-2018**

- યજમાન-મેક્સિકો
- ભારત સૌથી વધુ 4 ગોલ્ડ, 1 સિલ્વર અને 4 બ્રોન્ઝ સાથે પ્રથમ (કુલ-9)
- બીજા ક્રમે- US- 3 ગોલ્ડ, ચીન-2 ગોલ્ડ અને ફ્રાન્સ- 1 ગોલ્ડ

**(૮) ભારત** :પરમાણુ ઊર્જા અને સોલાર ઊર્જા ક્ષેત્રે આગામી આયોજન લક્ષ્યાંક

- **પરમાણુ ઊર્જા** :ફ્રાન્સ મહારાષ્ટ્રના જૈતાપુરમાં દુનિયાનો સૌથી મોટો ન્યુક્લિયર પ્લાન્ટ બનાવી રહ્યો છે.
- ભારત પરમાણુ વીજળી પર પણ ભાર મૂકે છે. હાલ ભારતની પરમાણુ વીજ ઉત્પાદન ક્ષમતા 6.8 ગીગાવોટ છે આદેશની કુલ વીજળી ઉત્પાદન ક્ષમતાની 2% છે. ભારત ફ્રાન્સના સહયોગથી મહારાષ્ટ્રના જૈતાપુરમાં દુનિયાનો સૌથી મોટો ન્યુક્લિયર પાવર પ્લાન્ટ બનાવવા જઇ રહ્યો છે. તેનાથી પરમાણુ વીજ ક્ષમતા 9.6 ગીગાવોટ થઇ જશે.
- **સોલર ઊર્જા** :ત્રણ વર્ષમાં ભારત રિન્યુએબલ ઊર્જા પર 5લાખ કરોડ રૂ. ખર્ચ કરશે.
- ભારતે રિન્યુએબલ ઊર્જાથી 2022 સુધી 75 ગીગાવોટ વીજળી બનાવવાનો લક્ષ્ય રાખ્યો છે. 5 લાખ કરોડ ખર્ચાશે. ભારતમાં સોલર ઊર્જાની કિંમત 2.44 રૂ. અને વિન્ડ ઊર્જાની કિંમત 3.46 રૂ. પ્રતિ યુનિટ છે. આફ્રિકી દેશો, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં સોલર પ્રોજેક્ટ્સ માટે 139.2 કરોડ ડોલરની ક્રેડિટની રજૂઆત કરી છે.
- **શૂટિંગ વર્લ્ડ કપ- 2018માં મેડલ વિજેતા ભારતીય:**

| ખેલાડી | મેડલ | કેટેગરી | સ્પર્ધા |
|---|---|---|---|
| અખિલ શેરોન | ગોલ્ડ | મેન્સ | 50 મી રાઇફલ થ્રી પોઝિશન |
| શાહઝર રિઝવી | ગોલ્ડ | મેન્સ | 10 મી એર પિસ્તોલ |
| મનુ ભાખેર (ભાકર) | ગોલ્ડ | વિમેન્સ | 10 મી એર પિસ્તોલ |
| મનુ/ ઓમપ્રકાશ | ગોલ્ડ | ટીમ | 10 મી એર પિસ્તોલ |
| અંજુમ મૃદગિલ | સિલ્વ | વિમેન્સ | 50 મી રાઇફલ થ્રી પોઝિશન |
| જીતુ રાય | બ્રોન્ઝ | મેન્સ | 10 મી એર પિસ્તોલ |
| રવિ કુમાર | બ્રોન્ઝ | મેન્સ | 10 મીએર પિસ્તોલ |
| મેહુલીઘોષ | બ્રોન્ઝ | વિમેન્સ | 10 મીએર પિસ્તોલ |
| મેહુલી/ રવિકુમાર | બ્રોન્ઝ | ટીમ | 10 મીએર પિસ્તોલ |

## 14 March

(૧) **વિશ્વ પાઇ ડે મૂલ્ય-3.14 (USA માં તારીખ-3/14 લખાય છે.)**

(૨) **ભારતીય હોકી ટીમ** :ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ ગેમ્સ-ઓસ્ટ્રેલિયા-2018ની ટીમ જાહેર

- કેપ્ટન તરીકે- મનપ્રીત સિંઘ
- વાઇસ કેપ્ટન- ચીન્ગ્લેઆના સિંઘ
- મહિલા ટીમના કેપ્ટન- રાની રામપાલ

(3) **નેપાળ** :રાષ્ટ્ર પ્રમુખ (રાષ્ટ્રપતિ) તરીકે વિદ્યાદેવી ભંડારી પુનઃ ચૂંટાયા (બીજી ટર્મ)

- 2015માં નેપાળના પ્રથમ મહિલા પ્રમુખ બન્યા હતા.

(૪) **ઓલ ઇંગ્લેન્ડ ઓપન** :118 વર્ષ પહેલા શરૂ થઇ હતી. વિશ્વની સૌથી જૂની બેડમિન્ટન ટૂર્નામેન્ટનો આજથી પ્રારંભ

- 102મી એમ્પિયનશીપ
- પ્રથમ પ્રારંભ 1860- પૂણે (ભારત)
- યજમાન- ઇંગ્લેન્ડ
- 20 દેશના 300 ખેલાડીઓ
- 5 દિવસમાં 155 મેચ રમાશે.
- ભારતના 13 ખેલાડી સામેલ
- પ્રથમ ચેમ્પિયનશીપ-1899 લંડન ખાતે

**બેડમિન્ટન વિશ્વની ફાસ્ટેસ્ટ રેકેટ સ્પોર્ટ્સ છે.**

- બેડમિન્ટન વિશ્વની ફાસ્ટેસ્ટ સ્પોર્ટ્સ છે. સ્મેશ માર્યા બાદ શટલની સ્પિડ 300કિમી/કલાકની હોય છે. ટેનિસમાં ફાસ્ટેસ્ટ સર્વીસનો રેકોર્ડ 263 કિમી પ્રતિકલાકનો છે.
- **શટલ** :પ્રથમ બતકના પીંછાથી બનતું હતું. તેમાં 16પીંછા રહેતા હતા. હવે સિન્થેટિક શટલ પણ બને છે. વજન 5.5 ગ્રામ
- **રેકેટ** :પ્રથમ લાકડીના રેકેટ તથા બિલાડીના આંતરડામાંથી દોરી બનતી હતી. હવે કાર્બન ફાયબર તથા નાયલોનની બને છે.

(૫) **બેગમ હમીદાબાનુ** :102 વર્ષે લખનઉ ખાતે અવસાન

- દેશમાં મહિલા સશક્તિકરણની શરૂઆત કરનાર
- પૂર્વ MLA, સામાજિક અને હરિજનકલ્યાણ મંત્રી-UP સરકાર
- 1976 થી 1982 રાજ્યસભાના સભ્ય

(૬) **હથિયાર અને ઉપકરણઆયાત- નિકાસ વૈશ્વિક અહેવાલ-2017**

- અહેવાલ- સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટયુટ
- 2013 થી 2017માં ભારતે 12ટકા શસ્ત્રો આયાત કર્યા ગત 5 વર્ષ કરતાં 12 કા વધુ

**દુનિયાના ટોપ-10 શસ્ત્ર અને ઉપકરણ આયાત કરનારા દેશ**

- ભારત- 12%
- સાઉદી- 10%
- ઇજિપ્ત- 4.5%
- ચીન- 4.0%
- ઓસ્ટ્રેલિયા- 3.8%
- અલ્જીરિયા -3.7%
- ઇરાક- 3.4%
- પાકિસ્તાન- 2.8%
- ઇન્ડોનેશિયા- 2.8%

**દુનિયાના ટોપ- 10 શસ્ત્ર અને ઉપકરણ નિકાસ કરનારા દેશ**

- અમેરિકા- 34%
- રશિયા- 22%
- ફ્રાન્સ- 6.7%
- જર્મની- 5.8%
- ચીન- 5.7%
- બ્રિટન- 4.8%
- સ્પેન- 2.9%
- ઇઝરાયેલ- 2.9%
- ઇટાલી- 2.5%
- નેધરલેન્ડ- 2.1%

**62% શસ્ત્રો ભારતે રશિયા પાસેથી ખરીદ્યા**

- 2013થી 2017 વચ્ચે ભારતે રશિયા પાસેથી સૌથી વધુ હથિયારો ખરીદયા છે. ખરીદાયેલા કુલ હથિયારોમાં 62% હિસ્સેદારી રશિયાની છે. તે પછી 15% અમેરિકા પાસેથી અને 11% ઇઝરાયલ પાસેથી ભારતે હથિયારો ખરીદયા છે. છેલ્લા પાંચ વર્ષમાં બહારની હથિયાર ખરીદીમાં 24%નો વધારો થયો છે.

## 15March

(૧) **જર્મની** :એન્જેલા મર્કેલ સતત ચોથીવાર ચાન્સેલર (વડા) તરીકે ચૂંટાયા

- પક્ષ- CDU

(૨) **વિજ્ઞાની સ્ટીફન હૉકિંગનું નિધન અને 'પાઇ ડે' નો યોગાનુયોગ**

- ગણિતમાં પાઇનું મૂલ્ય 3.14 છે. એટલે ત્રીજો મહિનો માર્ચ અને તેની 14 મી તારીખે પાઇ દિવસ ઉજવાય છે. વિખ્યાત વિજ્ઞાની આર્કિમિડિઝના સમયથી પાઇનું મૂલ્ય વિશ્વભરમાં જાણીતું છે. વિશ્વના પ્રખર વિજ્ઞાની હોકિંગનું નિધન પણ 'પાઇ દિવસે' જ થયું. એ પણ એક વિજ્ઞાનનો યોગાનુયોગ છે.

(3) **ભૌતિક વિજ્ઞાની – સ્ટીફન હોકિંગનું 76 વર્ષે નિધન**

- જન્મ- 8-1-1942
- સ્થળ- ઓક્સફર્ડ (U.K.)
- મૂળ વતન- જર્મની
- વિશ્વના સુપ્રસિદ્ધ વિજ્ઞાની, બ્રહ્માંડના અગણિત રહસ્યો અને અંતરિક્ષની ઘટનાઓની વૈજ્ઞાનિક રીતે વ્યાખ્યા કરનારા ભૌતિકશાસ્ત્રી સ્ટીફન હોકિંગનું 76 વર્ષની વયે નિધન થઇ ગયું. તેમણે રિલેટીવિટી, બ્લેક હોલ અને બિંગબેંગ થિયરીને સમજવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ છેલ્લા 55 ર્ષથી મોટર ન્યૂરોન ડિસીઝ (એમએનડી) જેવી ખતરનાક બીમારીથી પીડાતા હતા. એટલે કે વિશ્વની 700 કરોડની વસતીમાં તેઓ એક માત્ર એવી વ્યક્તિ હતા. જેમનું 90 ટકા શરીર કામકરતું નહતું તેમ છતાં તેમણે જીવનભર 100 ટકા કામ કર્યું. પથારીવશ સ્થિતિ હોવા છતાં જાગૃત મસ્તિકથી બેનમૂન કાર્યો કરી તેમણે વિશ્વને બતાવી દીધું કે 'કોશિશ કરનારાની કયારેય હાર નથી થતી' વિશ્વમાં સૌથી પ્રસિદ્ધ ત્રણ ભૌતિકશાસ્ત્રી ગેલેલિયો, આલ્બર્ટ આઇન્સ્ટાઇન અને સ્ટીફન ફલેમિંગ થઇ ગયા. તેમના જન્મ અને મરણ વચ્ચે અદ્દભૂત સંયોગ છે. સ્ટીફનનો જન્મ 8 જાન્યુઆરી 1942 માં થયો. એ તારીખે ગેલલિયોના નિધનની છે. જ્યારે સ્ટીફનનું નિધન 14 માર્ચે 2018માં થયું એ તારીખ આઇન્સ્ટાઇનના જન્મની છે. વધુ સ્ટીફન અને આઇન્સ્ટાઇન બંને 76વર્ષ જીવ્યા, જ્યારે ગેલેલિયોનું નિધન 78 વર્ષે થયું.
- બ્લેક હોલ અને બિંગ બેંગ થિયરી સમજાવી.
- હોકિંગે બ્લેકહોલ અને બિંગ બેંગજેવી થિયરી સમજાવી. તેમની પાસે 12 માનદ્દ ડિગ્રીઓ હતી. અને અમેરિકાએ તેમને સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા હતા.

**અસાધ્ય રોગ મોટ ન્યુરોનથી પીડિત હતા.**

- હોકિંગ મોટર ન્યૂરોન ડિસીઝ (એમએનડી) થી પીડિત હતા. આ અસાધ્ય રોગ તેમને 21 વર્ષની વયે થયો હતો અને ડોકટરોએ કહી દીધું હતું કેતેઓ માત્ર બે-ત્રણ વર્ષ જ જીવી શકશે. તેમ છતાં તેમણે હાર માનીનહીં અને તે પછી 55 વર્ષ જીવ્યા એટલું જ નહીં વિજ્ઞાન ક્ષેત્રે અસાધારણ શોધો કરી.

**બેસ્ટ સેલર પુસ્તક લખ્યું.**

- હોકિગે લખેલું પુસ્તક 'અ બ્રિફ હિસ્ટ્રી ઓફ ટાઇમ' જે બેસ્ટ સેલર પુસ્તક બન્યું. જેમાં તેમણે સમયની સમજ આપી છે. તેઓ ગુરુત્વાકર્ષણ, બ્રહ્માંડ વિજ્ઞાન, કવાન્ટમ થિયરી, માહિતી સિદ્ધાંત અને થર્મોડાયનોમિક મિક્સને એક સાથે લઇ આવ્યા.
- 2001 માં ભારતના પ્રવાસે હતા.
- આઇન્સ્ટાઇન નં. 2 નું ઉપનામ
- બ્લેક હોલ એટલે શું ?

- બ્રહ્માંડમાં તારા, ગ્રહો, ઉપગ્રહો, લઘુગ્રહોની માફક બ્લેક હોલ નામનું એક સ્વરૂપ જોવા મળે છે. જો કે બ્લેક હોલ ક્યારેય જોઇ શકાતો નથી. આપણા સૂર્ય કરતા અઢી ગણું વધારે દળ (માસ) ધરાવતો હોય એવો કદાવર તારો મૃત્યુ પામે ત્યારે તેનો ઢાંચો પડી ભાંગે છે. અને છેવટેએ બ્લેકહોલમાં ફેરવાઇ જાય છે. બ્લેકહોલ એવો વિસ્તાર છે જ્યાં ગુરુત્વાકર્ષણનું રાજ ચાલે અને આસપાસના તારાને અથવા અન્ય કોઇ પણ પદાર્થને એ પોતાની અંદર ખેંચી લે. બ્લેક હોલનું ગુરુત્વાકર્ષણ એટલું બધું શક્તિશાળી હોયછે કે તેમાંથી પ્રકાશ પણ બહાર નીકળી શકતો નથી. બ્લેકહોલ જોઇ શકાતા નથી. એટલે તેના અંગેના ઘણા રહસ્યો હજુ વણઉકેલ્યા છે. કોઇ નજીકનો તારો બ્લેકહોલમાં સમાય ત્યારે જ ખેંચાતો તારો જોઇને ત્યાં બ્લેક હોલ હોવાની જાણકારી મળી શકે છે. જો કે હોકિંગની થિયરી એવી છે કે બ્લેક હોલ સંપૂર્ણપણે બ્લેક નથી. તેમાં પણ રેડિયો એક્ટિવ કિરણો નીકળે છે.

**બેસ્ટ સેલર વિજ્ઞાની**

- વિજ્ઞાનના ક્ષેત્રમાં કામ કરતા હોય અને વળી તેમનું પુસ્તક બેસ્ટસેલર હોય એવા કિસ્સા જગતમાં બહુ ઓછા બને છે. હોકિંગે લખેલું પુસ્તક 'અ બ્રીફ હિસ્ટરી ઓફ ટાઇમ' બ્રહ્માંડની સમજ આપે છે અને બેસ્ટ સેલર પણ છે. ગુજરાતી સહિત જગતની ચાળીસેક ભાષાઓમાં અનુવાદિત થયું છે. અત્યાર સુધીમાં તેની 1 કરોડથી વધારે નકલ વેચાઇ ચૂકી છે. સામાન્ય રીતે આવા પુસ્તકોમાં અભ્યાસુ અને વિજ્ઞાનીઓ સિવાયના લોકોને રસ પડતો નથી. પરંતુ જ્યારે બ્રહ્માંડની સમજણ અંગે પુસ્તક લખવાનું નક્કી કર્યું ત્યારે જ હોકિંગે એ પણ નક્કી કર્યું હતું કે એરપોર્ટના બુકસ્ટોર પરમારું પુસ્તક વેચાય એવી ભાષામાં લખવું છે. અનેક વખત રિરાઇટ કરીને તેમણે પુસ્તકની ફાઇનલ પ્રત તૈયાર કરી હતી. હોકિંગના એ પુસ્તકે લોકોને બ્રહ્માંડ વિશે વાંચતા કર્યા. અમેરીકી અખબાર ધ ન્યૂયોર્ક ટાઇમ્સ માં આ પુસ્તક સતત 147 અઠવાડિયા સુધી, જ્યારે બ્રિટનના ધ ટાઇમ્સમાં 237 વીક બેસ્ટસેલર રહ્યું હતું.
- ફેક્ટ ફાઇલ હોકિગે નવરાશના સમયે બાળકો માટેના પુસ્તકો પણ લખ્યા છે. પોતાની દીકરી લૂસી સાથે મળીને તેમણે બ્રહ્માંડની સમજણ આપતા 'જ્યોર્જ એન્ડ ધ બ્લુ મૂન'નામના ચાર ગ્રંથો લખ્યા છે.
- કોઇ નવ શોધિત વસ્તુ કે દવાની પેટન્ટ કે ટ્રેડમાર્ક લેવાય એ રીતે હોકિંગે તેમના નામનો ટ્રેડમાર્ક લીધો છે.
- 2016માં બ્રિટિશ વડાપ્રધાન થેરેસા મે ના હસ્તે તેમને 'પ્રાઇસઓફ બ્રિટન' નામનો એવોર્ડ અપાયો હતો. એ વખતે થેરેસા સાથે મજાક કરતા તેમણે કહ્યું હતું કે રોજ રોજ અત્યંત અઘરા ગણિતના સૂત્રો સાથે કામ પાર પાડું છું. પણ મહેરબાની કરીને બ્રેકઝિટના ગણિત અંગે મને કંઇ પૂછશો નહિ.
- હોકિંગના પહેલી વખતલગ્ન જેન વિલ્ડ સાથે 1965માં થયા હતા. એ લગ્ન 1995 સુધી ચાલ્યા. એપછી એલિના મેસન સાથે 1995માં જ તેમના લગ્ન થયા અને 2006 માં છૂટા પડી ગયા. તેમને કુલ મળીને 3 સંતાન છે.
- બ્રહ્માંડના સૌથી મહત્વના પરિબળ ગુરુત્વાકર્ષણ વગરની સ્થિતિ કેવી હોય ? સ્પેસ સ્ટેશનમાં હવામાં ઉડતા હોય એ રીતે કામકરતા અવકાશયાત્રીઓને આપે જોયા છે. હોકિંગની પણ એવી ઇચ્છા હતી. માટે 2007માં તેમને એવા વિમાનમાં સફર કરાવાઇ હતી, જેમાં ગુરત્વાકર્ષણની અસર નહિવત હોય.
- 2014માં તેમની ફિલ્મ 'ધ થિયરી ઓફ એવરિથિંગ' આવી હતી. કેમ્બ્રિજમાં ભણતા યુવા હોકિંગ, તેમની પ્રેમકથા અને બ્રહ્માંડના સંશોધનમાં કઇ રીતે રસ પડવા લાગ્યો તેની વાત આફિલ્મમાં કરાઇ છે. એડી રેડમેનને હોકિંગના રોલ માટે ઓસ્કાર પણ મળ્યો હતો.

**સ્ટીફન હોકિંગની જ્ઞાનવાણી**

- જીવન ભલે ગમે તેટલું ખરાબ લાગે જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી આશા છે. ડોન્ટ ગિવ અપ
- બ્લેક હોલમાંથી કોઇ પદાર્થ બહાર પણ ફેંકાઇ જઇને નીકળી શકેછે બીજા બ્રહ્માંડમાં પણ જઇ શકે છે. આથી જ તમને જ્યારે એવુંલાગે કે તમે બ્લેક હોલમાં છો ત્યારે પ્રયત્ન છોડી ના દો. બહાર નીકળવાના રસ્તા કુદરતની ગોઠવણ જ છે.
- હું આકાશમાં તારા સામે જ જોઇને જીવન વીતાવી રહ્યો છું. ધરતી પર મંડાયેલ પગ પર નહીં.

- જે વ્યક્તિ શાંત છે તેનું મગજ અને મન જ સર્જનાત્મક તેમજ તર્કબદ્ધ વિચારોના ઘોંઘાટથી ભીડભાડ અનુભવતું હોય છે. (કવાઇટ પિપલ હેવ લાઉડેસ્ટ માઇન્ડ)
- બ્રહ્માંડનો બ્રહ્મ વાક્ય જેવો નિયમ એ છે કે કોઇપણ અને કંઇ પણ પરફેક્ટ(પૂર્ણ ગુણોધરાવતું) નથી.પરફેકશન જેવું કંઇ જ નહી. અપૂર્ણતાની આવીસૃષ્ટિની પ્રકૃત્તિને લીધે જ તમે અને હું અસ્તિત્વ ધરાવીએ છીએ.
- અજ્ઞાનતા નહીં,જ્ઞાન હોવાનો ભ્રમ જ આપણને અપૂર્ણ રાખે છે. '
- આપણી મૂર્ખતા અને લોભનેલીધે આપણે જસૃષ્ટિના અને આપણા વિનાશ તરફ આગળ ધપાી રહ્યા છીએ. પ્રદૂષણ અને વસતી તરફ દુર્લક્ષ સેવીને પતના વ્હોરી ચૂક્યા છીએ.
- મૂઢ અને ઊર્જા વગરના લોકોને કંઇ તરવરાટભર્યું કે નવું કરનારા હમેંશા મુર્ખ લાગે છે.

(૪) **15માર્ચ- વિશ્વ ગ્રાહક દિવસ**

- થીમ- ડિજીટલ બજારોને ન્યાયી અને પ્રમાણિક સ્થળો બનાવીએ

## 16 March

(૧) **ગ્રેચ્યુઇટી ચુકવણી સુધારા બિલ-2017**

- લોકસભામાં પસાર
- જોગવાઇ- ખાનગી ક્ષેત્રના કર્મીઓ ટેક્સ ફ્રી ગ્રેચ્યુઇટી રૂા.10 લાખથી વધારીને રૂા.20 લાખ કરાઇ.

(૨) **NSE**:રોકાણનું સોનેરી સૂત્ર- સોચ કર (રેડ), સમજ કર (ઓરેંજ) ઇન્વેસ્ટ કર (લીલો)

(3) **કર્મયોગી-** શ્રીમતી આનંદીબહેન પટેલની સચિત્ર જીવન કથા

- અમદાવાદ ખાતે વિમોચન

(૪) **BCCI** –સુપ્રીમ કોર્ટે નિમેલી કમિટી ઓફ એડમિનિસ્ટ્રેટર્સ.COA

- અધ્યક્ષ- શ્રી વિનોદરાય
- સભ્ય- ડાયના એડલજી

(૫) **ભારતનો આર્થિક વિકાસદર- 2018-19**

- સંસ્થા:
- (૧) ફીચ- 2018-19 7.30ટકા
  2019-20 7.50ટકા
- (૨) CSO- 2017-18 6.60ટકા
  2016-17 7.10 ટકા

(૬) **નેપાળ ક્રિકેટ ટીમ** :ICCએ વન-ડે રમતા દેશોમાં નેપાળનો સમાવેશ કર્યો.

(૭) **105 મી ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ**

- યજમાન- ઇમ્ફાલ
- મણિપુર- યુનિવર્સિટી
- તા. 16 માર્ચથી 20 માર્ચ 2018
- 5 હજાર ડેલિગેટ, 2000 સંશોધકો
- 3 નોબેલ વિજેતા સામેલ

(૮) **વર્લ્ડ હેપીનેસ અહેવાલ- 2018**

- ભારત 156 દેશની યાદીમાં 11 ક્રમ પાછળ ધકેલાઇને 133 મા ક્રમે
- UN– સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ સોલ્યુસન્સ નેટવર્ક દ્વારા સર્વે
- પ્રથમ – ફિનલેન્ડ

## 18March

(૧) **અમદાવાદ-** વર્લ્ડ હેરિટેજ સિટી કોટ વિસ્તારની 2600 હેરિટેજ ઇમારતોની જાળવણી કરાશે.

- કુલ- 30 કરોડની ગ્રાન્ટ
- સંસ્કાર કેન્દ્ર મ્યુઝિયમ-હેરિટેજ કક્ષાનું બિલ્ડિંગ ડિઝાઇન- લા કાર્બુઝિયર

(૨) **ગુજરાત** :નવા (નિર્વાચન) મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે IASડૉ. એસ. મુરલી ક્રિષ્ણા (CEO)

- CEO- ચીફ ઇલેકટોરલ ઓફિસર
- બેચ- 1998- ગુજરાત કેડર
- અગાઉ- બી. બી. સ્વૈન

(3) **ભૂમિપૂજન**:સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી

- સ્થાન- ડેસર, જિલ્લો- વડોદરા
- ક્ષેત્રફળ- 130એકર
- ખર્ચ- 35કરોડ

(૪) **વ્હેલ શાર્ક**:ભાવનગરથી જામનગરના દરિયા કિનારે ઓસ્ટ્રેલિયા અને સાઉદી એશિયાથી વ્હેલશાર્ક પ્રસૂતિ માટે આવે છે.

- રોકાણ- ડિસેમ્બર થી માર્ચ
- અંદાજ- 800-900 વ્હેલશાર્ક
- 2001થી વ્હેલશાર્કના શિકાર પર પ્રતિબંધ

- વ્હેલશાર્ક બચાવોના બ્રાન્ડ એમ્બેસેડર –રામકથાકાર શ્રી મોરારીબાપુ
- શિકાર માટે 10હજારનો દંડ,3 થી 7 વર્ષની સજા
- વન વિભાગ દ્વારા વ્હેલશાર્કને દરિયામાં મુક્ત કરવા માછીમારોને જાળ માટે રૂ.25000ની સહાય
- વનતંત્ર દ્વારા અત્યાર સુધીમાં 483 વ્હેલશાર્ક બચાવાઇ
- ખાસ વિસ્તાર- વેરાવળ, ચોરવાડ, માધવપુર અને પોરબંદર

(૫) **ફેસબુક (FB)**:FBના સિક્રેટ પોલીસ તરીકે ભારતીય મૂળના સોનિયા આહુજાની નિમણૂંક

- માર્ક ઝકર બર્ગદ્વારા ફેસબુક ની લિક થતી માહિતી અટકાવવા સિક્રેટ પોલીસ વિભાગ શરૂ કર્યો.

(૬) **ગુજરાતી ટેનિસ સ્ટાર- અંકિતા રૈના**

- ITF વિમેન્સ સિંગલ્સ ટાઇટલ વિજેતા
- યજમાન- ગ્વાલિયર (MP)
- હરીફ- અમાન્ડા ઇન (ફ્રાન્સ)
- કુલ- 6 ટાઇટલ
- ડબલ્સમાં- 12 ટાઇટલ

(૭) **ચૈત્ર સુદ- 1** :વિક્રમ સંવત- 2074

- ચૈત્ર નવરાત્રિનો પ્રારંભ
- હિન્દુઓનું નવું વર્ષ
- ભગવાન રામનો રાજ્યાભિષેક
- યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક
- RSSના સ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવારનો જન્મ દિવસ
- મહારાષ્ટ્રીયન માટે- ગુડી પડવો
- સિંધી સમાજ માટે- ચેટી ચંડ

(૮) **વિશ્વવ્યાપાર સંગઠન (WTO) નવી દિલ્હી ખાતે 19-20 માર્ચના રોજ વૈશ્વિક બેઠક**

- 50 થી વધુ દેશોના વિદેશમંત્રીભાગ લેશે.
- DG- રોબેર્ટો અવેજેદો

(૯) **આગનો વર્લ્ડ ઓલિમ્પિક**

- મનીલા-ફિલિપાઇન્સ
- ફિલીપાઇન્સની રાજધાની મનીલાના સમુદ્ર કિનારે આયોજિત પાઇરોમ્યુઝિકલ ઇન્ટરનેશનલ ફેસ્ટિવલની છે. આ દૂનિયાના સૌથી મોટા આતશબાજી ફેસ્ટિવલમાંથી એક છે. તેને વર્લ્ડ પાઇરો ઓલિમ્પિક એટલે કે આગનો વર્લ્ડ ઓલિમ્પિક પણ કહેવાય છે. આ વખતે 12 દેશોની ટીમ ભાગ લઇ રહી છે. આ લોકો આતશબાજીનું પ્રદર્શન કરે છે. છ અઠવાડિયા સુધી ચાલતા આ ફેસ્ટિવલને જોવા લગભગ 1 લાખ લોકો આવે છે. સમુદ્ર કિનારે મ્યુઝિમ ફેસ્ટ પણ યોજાય છે. સાથે ડિનર અને શોપિંગની વ્યવસ્થા પણ હોય છે. ટિકિટ 125 રૂ. થી 2 હજાર રૂ. જેટલી હોય છે.

(૧૦) **કૃષિ ઉન્નતિ મેળા**- ત્રણ દિવસ માટે નવી દિલ્હી ખાતે યોજાયો

- P.M. દ્વારા ઉદ્દઘાટન

(૧૧) **કેરળ- સત્તાવાર ફળ- "ફણસ"**

- જેક ફ્રૂટને સ્થાનિક લોકો 'પ્લાવુ' તરીકે ઓળખે છે. ઉલ્લેખનીય છે કે કેરળનું સત્તાવાર પ્રાણી હાથી, પક્ષી ગ્રીન હોર્નબિલ, ફૂલ કનિકકોન્ના છે અને તાજેતરમાં જ કરીમીન માછલીને સત્તાવાર માછલી જાહેર કરવામાં આવી છે. હવે જેક ફ્રુટને કેરળનું સત્તાવાર ફળ જાહેર.

## 19March

(૧) **ઇરાની ટ્રોફી-2018**

- વિજેતા- વિદર્ભ
- ઉપવિજેતા- રેસ્ટ ઓફ ઇન્ડિયા
- ફાઇનલ- નાગપુર
- રણજી ટ્રોફી વિજેતા ટીમ અને રેસ્ટ ઓફ ઇન્ડિયા વચ્ચે ઇરાની ટ્રોફી રમાય છે.

## 20March

(૧) **વિશ્વ ચકલી દિવસ**

- 2008 થી પ્રારંભ

(૨) **રશિયા**- વર્તમાન રાષ્ટ્રપ્રમુખ વ્લાદીમીર પુટીન પુનઃ ચૂંટાયા

- મત- 76.66 ટકા
- સતત ચોથીવાર :મુ દ્દત- 6 વર્ષ
- આગામી 2024 સુધી રહેશે.

(3) **લિંગાયત અને વીરશૈવ સમાજ** :કર્ણાટકમાં લિંગાયત અને વીરશૈવસમાજને અલગ ધર્મ સ્વીકારી લઘુમતીનો દરજ્જો અપાયો

- લિંગાયત સમાજની 17 ટકા મતબેંક
- હવે કેન્દ્રને ભલામણ કરાશે.
- કર્ણાટકની 225 માંથી કુલ 100 બેઠકો પર પ્રભાવ
- હિન્દુથી અલગ ધર્મનો દરજ્જો

- સ્થાપના-12 મી સદીમાં લિંગાયત ધર્મની સ્થાપના બાસ વન્નાએ કરી હતી.
- 225 માંથી 52 બેઠકો પર લિંગાયત MLA

## 21March

(૧) **20-21 માર્ચ દિવસ અને રાત સરખા**
- 22 માર્ચથી ઉત્તરોતર દિવસ લંબાશે.

(૨) **વિશ્વ વન દિવસ :21માર્ચ**

(3) **વર્લ્ડ પોએટ્રી ડે (કવિતા)**
- UNદ્વારા 1999 થી વિશ્વ કાવ્ય દિન ઉજવણી કરવામાં આવે છે.

(૪) **ગુજરાતમાં જંગલોની સ્થિતિ** :વર્ષ 2016-17
- રાજ્યની કુલ : 1,96,024 ચો.કિ.મી. ભૂમિ ભાગનો 21899.46 ચો.કિ.મી. (11.17 ટકા) વિસ્તારમાં જંગલો આવેલા છે.
- 2015માં 22,302.62 ચો. કિ.મી. (11.38 ટકા)
- છેલ્લા બે વર્ષમાં રાજ્યના વન વિસ્તારમાં (ફોરેસ્ટ કવર) 9700 હેકટરનો વધારો
- બે વર્ષમાં વન વિસ્તાર બહારના (ટ્રી કવર) વૃક્ષ આવરણમાં 11,000 હેકટરનો વધારો

(૫) **દુબઇ** :વિશ્વનો સૌથી મોટો સોલર પ્રોજેકટ કાર્યરત
- નામ- મોહમ્મદ બિનરાશિદ અલ મકતૌમ સોલર પાર્ક
- ક્ષમતા- 700 મેગાવોટ
- 2,70,000 લોકોને વીજળી અપાશે

(૬) **RTI**:અરજીની મહત્તમ ફી રૂા.50 નક્કી કરાઇ : સુપ્રીમ કોર્ટ
- ફોટો કોપી માટે પણ પાનાદીઠ રૂા. 5ની મર્યાદા નક્કી કરી
- તમામને લાગુ પડશે.

(૭) **સુડાન-** કેન્યાના નૈરોબી ખાતે આવેલા પેજેતા કન્ઝર્વેસીમાં વિશ્વના એકમાત્ર સફેદ ગેંડાનું મોત : વર્ષ-45

(૮) **કવિ દલપતરામ**-1845માં દલપતરામે રચેલી કવિતા બાપાની પીપર ગુજરાતી ભાષાની પ્રથમ અર્વાચીન કવિતા મનાય છે.
- 1852માં ગુજરાતી ભાષાનું પ્રથમ કવિસંમેલન ઇડરખાતે યોજાયું હતું.

(૯) **વરૂણ કવાયત-** ભારત અને ફ્રાન્સની નૌ સેનાની અરબી સમુદ્રમાં સંયુક્ત કવાયત
- છેલ્લા 25 વર્ષથી આયોજન

(૧૦) **ભારત-હોંગકોંગ-** બંને દેશ વચ્ચે ડબલ ટેક્સેશન હટાવવા કરાર
- કરચોરી રોકવા અને રોકાણના પ્રવાહને પ્રોત્સાહન આપવાનો હેતુ
- ડબલ ટેક્સ અવોઇડન્સ એગ્રીમેન્ટ (DTAA)(1992ના રિયો ડી જાનેરોમાં જાહેરાત)

## 22March

(૧) **વિશ્વ જળ દિવસ**
- થીમ- નેચર ફોર વોટર
- ગુજરાતમાં રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે કરાઇ
- UNદ્વારા 1993થી ઉજવવામાં આવે છે.(1992 ના રિયો ડો જાનેરોમાં જાહેરાત)
- ઉજવણી જળ સંરક્ષણ અભિયાન અને પાણીના કરકસર યુક્ત ઉપયોગ માટે ટોઇલેટમાં ડ્યુઅલ ફ્લશ સિસ્ટમ લોન્ચ કરાઇ
- સિસ્ટમ- હાફ ફ્લશ- 4 લિટર પાણી વપરાશ
- ફુલ ફ્લશ- 8 લિટર પાણી
- નવા બિલ્ડીંગમાં ફરજિયાત અને જૂનામાં બદલવામાં આવશે.
- ગ્રામીણ વિસ્તારમાં પાણી સંબંધિત ફરિયાદ સૂચન માટે હેલ્પલાઇન- 1916

(૨) **22માર્ચ 1918**:ખેડા સત્યાગ્રહના 100 વર્ષ પૂર્ણ (1918-2018)
- અર્થ સત્યની ખાતર આગ્રહપૂર્વક ના કહેવું એ જ સત્યાગ્રહ
- નેતૃત્વ- મહાત્મા ગાંધી અને વલ્લભભાઇ પટેલ
- કારણ- ખેડામાં ચોથા ભાગનું પણ પાક ઉત્પાદન થયું ન હતું તેથી ખેડૂતોએ વેરા માફીની માગ કરી હતી.
- ખેડા સત્યાગ્રહથી દેશને સરદાર વલ્લભભાઇ પટેલ મળ્યા.
- ગાંધીજીએ હાથે બનાવેલા ખાદીના કપડા પહેરવા અને અહિંસાનો નારો ખેડામાં જ આપ્યો. પાઘડી છોડી દીધી.

- દિવ્ય ભાસ્કરએ વિશેષ 100 વર્ષ પહેલાનું કવરેજ આપ્યું.
- પ્રથમ પાટીદાર આંદોલન મહેસૂલ માફી માટે 3 મહિના સુધી ખેડા સત્યાગ્રહ

**(3) ગુજરાત : વન આવરણ-2017**

- વનમંત્રીશ્રી ગણપતભાઇ વસાવા
- વન વિસ્તારની બહારના વૃક્ષોની સંખ્યામાં કેરળ બાદ ગુજરાત બીજા ક્રમે
- 1991માં ગુજરાતમાં 11907 ચોરસ કિલોમીટર વન આવરણ વિસ્તાર હતો અને તે હવે વધીને 14600 ચોરસ કિલોમીટર થયો છે. આમ, તેનામાં 23% નો વધારો નોંધાયો છે. ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના અહેવાલ અનુસાર આખા દેશના વન વિસ્તાર બહારના વૃક્ષ આવરણની ટકાવારી 2.82% જ્યારે ગુજરાતમાં 4.04% છે. છેલ્લા 15 વર્ષમાં વનાવરણ ક્ષેત્રે દેશમાં 16મા સ્થાનેથી ગુજરાત ત્રીજા ક્રમે પહોંચ્યું છે.
- ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના વર્ષ 2017ના અહેવાલ મુજબ ગુજરાતમાં 1140 ચોરસ કિલોમીટર જેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષ આવેલા છે. વિસ્તારની દ્રષ્ટિએ ચેરની બાબતમાં ગુજરાત પશ્ચિમ બંગાળના સુંદરવન બાદ સમગ્ર ભારતમાં બીજા ક્રમે છે. છેલ્લા બે વર્ષમાં ચેરના વિસ્તારમાં 33 ચોરસ કિલોમીટરનો વધારો નોંધાયો છે.

## 23March

**(૧) શહીદ દિવસ**

**(૨) તિલોતમા પેઇન્ટિંગ**- ભારતના વિખ્યાત ચિત્રકાર રાજા રવિ વર્માનું પેઇન્ટિંગ ન્યૂયોર્કમાં રૂા. 5 કરોડમાં વેચાયું.

- રાજા રવિ વર્માનું નિધન 1906માં થયું હતું.

**(3) સંરક્ષણ મંત્રાલય** :શહીદોના બાળકોના શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ સરકાર આપશે.

- અત્યાર માસિક રૂા. 10000ની મર્યાદા હતી.

**(૪) ગુજરાતી શૂટર ઇલાવેનિલ વાલા રિવ (18)**

- અમદાવાદી
- જૂનિયર શૂટિંગ વર્લ્ડકપમાં 10 મીટર એર રાઇફલમાં ગોલ્ડ વિજેતા
- યજમાન- સિડની

**(૫) USA – ટોબી વાવાઝોડું**

**(૬) બ્રહ્મોસ સુપર સોનિક ક્રૂઝ મિસાઇલ** :રાજસ્થાનના પોખરણમાં સફળ પરીક્ષણ

- રેન્જ- 400 કિ.મી.
- સંસ્થા- DRDO

## 24March

**(૧) વિશ્વ TB દિવસ- 24 માર્ચ**

- T B ના જંતુની શોધ 24-3-1882- ડો. રોબર્ટ કોક કરી હતી.
- 2025 સુધીમાં ભારત TB નો અંત લાવશે.
- લક્ષ્યાંક UN-2030 સુધીમાં પૂર્ણ કરશે.
- TB ની સારવાર દરમિયાન તમામ દર્દીને પોષણક્ષમ સહયોગ માટે પ્રતિમાસ રૂા.500ની સહાય
- 5.5 કરોડ વસતીને આવરી લેતું ઘર થી ઘર TB લક્ષણોનું સ્ક્રીનીંગ
- સારવાર- DOTS –સૂત્ર “પુરા કોર્સ પક્કા ઇલાજ” (2006 થી)
- 2018ના વર્ષની વિચારધારા (થીમ)
- Wanted : Leader for a TB free world you can make history. End TB
- WHO- 2017ના અહેવાલ મુજબ ભારતમાં વાર્ષિક કુલ 27.9 લાખ
- ગુજરાતમાં 1,46,804 TBના દર્દી નોંધાય છે. સામે આશરે 4.2 લાખ મૃત્યુ પામે છે.

**(૨) FB ડેટા ચોરી વિવાદ :**

- FB ના ડેટાની મદદથી ભારતની ચૂંટણીમાં કેમ્બ્રિજ એનાલિટીકાએ પ્રચાર કર્યો તેવો કોંગ્રેસ દ્વારા આક્ષેપ
- વિવાદ- FB પરથી અંદાજે 5 કરોડ વપરાશકર્તાનો ડેટા ચોરી કરીને બ્રિટિશ ડેટા એનાલિસ્ટ કંપની કેમ્બ્રિજ એનાલિટિકાએ મેળવ્યો હોવાનો US- બ્રિટિશ મીડિયાના સ્ટીંગ ઓપરેશનમાં સામે આવ્યું.
- US રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ ચૂંટણી દરમિયાન આ કંપનીએ મદદ કરી હતી.
- ભારત સરકારે આ માટે ઝકરબર્ગને તાકીદ કરી હતી.
- ઝકરબર્ગ દ્વારા ડેટા ચોરાયાની કબૂલાત- માફી માંગી
- FB – 2009થી પ્રારંભ
- FBની સંપત્તિ પાંચ દિવસમાં 50 અબજ ડોલર ઘટી (9 અબજ ડોલર)

(3) **એર ઇન્ડિયા** :નવો અધ્યાય

- 70 વર્ષ બાદ સાઉદી અરબે ઇઝરાયલ જતાં એર ઇન્ડિયાના વિમાન માટે પોતાનું હવાઇ ક્ષેત્ર ખોલ્યું.
- ઇઝરાયલ જનારી માત્ર ભારતીય એર ઇન્ડિયાની ફ્લાઇટ અરબ હવાઇ ક્ષેત્રનો ઉપયોગ કરી શકશે.
- હવાઇ યાત્રાનો 2.10 કલાકનો સમય ઘટયો.

(૪) **જર્મની** :રાષ્ટ્રપતિ ફ્રેન્ક વોલ્ટર શ્ટાઇનમાયર પ્રથમવાર ભારતના ચાર દિવસના પ્રવાસે

- રાષ્ટ્રપતિનો પ્રથમ વિદેશ પ્રવાસ

(૫) **કોદરા** – વિદેશમાં શુગર ફ્રી રાઇસ તરીકે

- સ્વાસ્થ્યવર્ધક અનાજ તરીકે પ્રખ્યાત
- ગુજરાતના ડાંગમાં અનાજ તરીકે ઉપયોગ
- કૃપોષણ, ડાયાબિટીઝ, કોલેસ્ટ્રોલ જેવી સમસ્યાઓનો ઉપાય- કોદરા
- ઋષિનું અન્ન તરીકે ઓળખાય છે.

(6) **અર્થ અવર ડે – 24 માર્ચ**

- પ્રારંભ- 2007 થી
- સંસ્થા વર્લ્ડ વાઇડ ફંડફોર નેચર- ઓસ્ટ્રેલિયા (સિડની)
- સાંજે- 8.30 થી 9.30 કલાક વીજળી સ્વયંભૂ બંધ રાખવામાં આવે છે.
- ભારત સહિત- 187 દેશોના 7000 શહેરો જોડાયા

## 25March

(૧) **યુનિસેફ**:એવરી ચાઇલ્ડ અલાઇવ-2016 અહેવાલ મુજબ (તા.5-03-18)

**વિશ્વમાં બાળ મૃત્યુ દરની સ્થિતિઃ-**

- સૌથી ઓછો નવજાત મૃત્યુ દર વાળા દેશ- (1) જાપાન-0.9(2) આઇસલેન્ડ-1(3) સિંગાપોર- 1.1(4) ફિનલેન્ડ-1.1(5) ઇસ્ટોનિયા- 1.3
- ભારત- વર્ષે 6,40,000 નવજાત બાળ મૃત્યુ (વિશ્વના કુલ બાળકોના 24 ટકા)
- પાકિસ્તાન- 2,48,000
- ચીન- 86,000

**નવજાત મૃત્યુ દર : જન્મના એક માસમાં થતું મૃત્યુ.**

- (1) પાકિસ્તાન-45.6 ટકા
- (2) ભારત- 25.4 ટકા
- (3) નાઇજિરિયા- (4) કોન્ગો (5) ઇથોપિયા
- ચીન- માત્ર 5.1ટકા
- નિમ્ન મધ્યમ આવકવાળા દેશમાં પ્રથમ પાકિસ્તાન, જયારે ભારત-12મા ક્રમે
- સરેરાશમાં ભારત 31મા ક્રમે
- શિશુ મૃત્યુ દર – એટલે જન્મના એક વર્ષમાં થતું મૃત્યુ
- બાળ મૃત્યુ દર – એટલે 1000એ 0થી5વર્ષમાં મૃત્યુ પામતા બાળકો
- નીતિ આયોગની રાજ્યવાર શિશુ મૃત્યુ દરની યાદી(2016)મુજબ :-
- ગોવા- 08
- કેરળ- 10
- ગુજરાત- 30

(૨) **ચૈત્ર સુદ નોમ- રામનવમી ભગવાન શ્રી રામનો જન્મ દિવસ**

(3) **જાવેદ અખ્તર સાહિત્ય સન્માન-2018**

- પ્રથમ વિજેતા-હિન્દી ગીતકાર અને શાયર – સૂર્યભાનુ ગુપ્ત
- રકમ- 1 લાખ + પ્રશસ્તિ પત્ર
- શાયર જાવેદ અખ્તરના માનમાં ભાસ્કર ગ્રુપ અને સાહિત્યક સંસ્થા રૂપાંકન દ્વારા પ્રારંભ
- સ્થળ-ભોપાલ (M.P.)

(૪) **રાજ્યસભાચૂંટણી** : કુલ 58 બેઠકો ભરવામાં આવી

- NDA કુલ 86UPA-68
- 58 માંથી 29 બેઠક પર ભાજપે જીત મેળવી – INC-9 પર વિજેતા
- બહુમત માટે 123 જરૂરી

(૫) **માધવપુર મેળો ગોમતીનદી**

- માધવપુર (ઘેડ) જિલ્લો-પોરબંદર
- રુકમણીજીની ભગવાન કૃષ્ણ સાથેની રોઇંગ અરુણાચલપ્રદેશ(**વિદર્ભ દેશ**)થી ગુજરાત સુધીની ચિરંતન યાત્રાનો ઉત્સવ (સમય- 5220 વર્ષ પૂર્વે)
- રાજા ભિષ્મકની પુત્રી રુકમણી વિવાહનું 509 વર્ષથી આયોજન થાય છે.

## 26 March

(૧) **મન કી બાત- રવિવાર**

- ક્રમ- 42 મી તા. 25-3-18

(૨) **ભારત- મ્યાનમાર** : બંગાળની ખાડીમાં તા. 25 થી 30 માર્ચ દરમિયાન સંયુક્ત નેવી કવાયત હાથ ધરાઇ

- સ્થળ-નેવલ બેઝ- વિશાખાપટ્ટનમ

(3) **ગ્રામ સ્વરાજ અભિયાન-તા.14/04 થી 5/05/** :આંબેડકર જયંતિ નિમિત્તે

## 27 March

(૧) **માધવપુર (ઘેડ) મેળો**

- મહાનુભાવો :

(૧) C.M. શ્રી વિજય રૂપાણી

(૨) C.M. શ્રી પેમા ખાંડુ- અરુણાચલપ્રદેશ

(3) C.M.શ્રી બિરેનસિંઘ-મણિપુર

- રાજ્યપાલશ્રી કોહલી અને રાજ્યપાલશ્રી બ્રિગેડીયર પી. ડી. મિશ્રા (અરુણાચલપ્રદેશ)

(૨) **માતૃભાષા ગુજરાતી : નિર્ણય**

- આગામી જૂન- 2018 થી CBSE, ICSE, IB, CISCE,IGCSE વગેરે બોર્ડ 1થી 8 માં ગુજરાતી ફરજિયાત વિષય તરીકે ભણાવવો પડશે.(તબક્કાવાર અમલ)
- વિધાનસભામાં સર્વાનુમતે પસાર
- 1964ના કોઠારીપંચના અહેવાલ મુજબ પ્રથમ ભાષા તરીકે માતૃભાષા હોવી જોઇએ.
- અન્ય બોર્ડ અથવા માધ્યમની શાળાઓના બાળકો પણ ગજરાતી ભાષા/સંસ્કૃતિથી પરિચિત થાય તેવો ઉમદા હેતુ.
- પ્રથમ અને બીજા ધોરણમાં પરિચયાત્મક ભાષા શિક્ષણ આપવામાં આવશે. આગામી સમયમાં ધોરણ 12 સુધી

(3) **બેંગકોક (ફ્લોરિડા) USA**

- 100 ટકા સોલાર એનર્જી ધરાવતું શહેર.
- કુલ-19 હજાર ઘરોમાં વીજળી અપાશે.
- કુલ- 75 મેગાવોટ

(૫) **MLA વિકાસ ગ્રાંટ** :

- રૂ. 1 કરોડને બદલે હવે 1.50 કરોડ મળશે.

## 28 March

(૧) **શ્રી અમિત ચાવડા** : ગુજરાત કોંગ્રેસ પ્રદેશના નવા સૌથી યુવા પ્રમુખ (42 વર્ષ )

- MLA – આંકલાવ (આણંદ)

(૨) **8 મો ગુણોત્સવ** : 6 અને 7 એપ્રિલ- 2018

- હેતુ- રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા અભિયાન

(3) **કોલ્ડ વોર (શીત યુદ્ધ) પાર્ટ-૨** : રશિયા V/S USA

- **શું છે મામલો- બ્રિટનનો દાવો, રશિયાએ પૂર્વ જાસૂસને મારવાનો પ્રયત્ન કર્યો.**
- 4 માર્ચે રશિયાના પૂર્વ જાસૂસ સર્ગેઇ સ્ક્રિપલ અને તેમની પુત્રી યુલિયા ઇંગ્લેન્ડમાં એક શોપિંગ સેન્ટરની બહાર બેન્ચ પર બેભાન હાલતમાં મળ્યા હતા. તેઓ હોસ્પિટલમાં દાખલ છે. સર્ગેઇને બ્રિટન માટે જાસૂસી કરવાના આરોપમાં રશિયાએ 2006 માં 13 વર્ષની સજા સંભળાવી હતી. પછી તેમને માફી આપી હતી.

**કોલ્ડ વોર શું હતું ?**

- દ્વિતીય વિશ્વ યુદ્ધ પૂરૂ થયા પછી 1945 થી 1989 ની વચ્ચેનો સમય શીત યુદ્ધનો કહેવાય છે. આ દરમિયાન વિશ્વ બે ધરામાં વહેંચાઇ ગયું હતું. તે હતું અમેરિકા અને સોવિયેત સંઘ. આ સમય દરમિયાન આશરે 50 વર્ષો સુધી વિશ્વમાં ભયનો માહોલ રહ્યો હતો.
- રશિયા અને USA વચ્ચે જાસૂસી યુદ્ધ : જાસૂસોને દૂત તરીકે મોકલવાનું રાજકારણ
- શરૂઆત- બ્રિટને રશિયાના 23 જાસૂસની હકાલપટ્ટી કરી સામે રશિયાએ પણ 23 પાછા મોકલ્યા.
- USA દ્વારા 60 રાજદૂત
- વિશ્વના પશ્ચિમના 24 દેશો રશિયા વિરૂદ્ધ એક થયા

(૪) **ફોર્બ્સ** :30 અન્ડર 30 એશિયન યાદી :

- યાદીમાં કુલ 300 ને સ્થાન
- ભારત 65 સન્માનીત સાથે પ્રથમ
- બીજા ક્રમે-ચીન 59 નાગરિક
- માપદંડ-સમાજ માટે નાની ઉંમરે મોટું યોગદાન અથવા કંઇક નવું કર્યું હોય.

## 29 March

(૧) **દિવ્ય ભાસ્કર** : મહાવીર સ્વામીની 2613 મી જયંતિ નિમિત્તે – અહિંસા અંક

- મહાવીર સ્વામી જન્મ કલ્યાણક પર્વ
- તિથિ-ચૈત્ર સુદ- 13

(૨) **ઉદય કોટક સમિતિ** :SEBI દ્વારા કોર્પોરેટ ગવર્નન્સ અંગે રચાયેલી સમિતિ

- ભલામણ-દેશના ઉદ્યોગપતિઓ ચેરમેન અથવા મેનેજિંગ ડિરેકટરમાંથી એક જ પદ પર રહી શકશે એક પદ છોડવું પડશે.
- અમલ- 500 મોટી કંપનીઓએ 1 એપ્રિલ- 2020 સુધીમાં ચેરમેન,MD અને CEO નું પદ અલગ કરવું પડશે.
- હેતુ- મેનેજમેન્ટની સ્વતંત્રતા જળવાઇ રહે અને ગવર્નન્સનું માળખું જળવાઇ રહે.
- મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ અત્યાર સુધી તેમના ગ્રાહકો પાસેથી યોજનાની NAV ના 0.20% સુધી વધારાનો ખર્ચ લઇ શકતી હતી જે ઘટાડીને હવે 0.5 ટકા કરી દેવાયો છે.

**કંપનીમાં ચેરમેન, એમડીની ભૂમિકા શું હોય છે.**

- **ચેરમેન** : બોર્ડ ઓફ ડાયરેકટરના વડા હોયછે. તેમનું ફોકર્સ વિજન અને લાંબાગાળાના વિકાસ પર હોય છે.
- **એમડી/સીઇઓ** : કંપનીના રોજબરોજના કામની જવાબદારી તેમના શિરે હોય છે. આથી આ પદ ચેરમેનથી વધુ મહત્વનું હોય છે.

**કોઇ નબળી વ્યક્તિ હવે ચેરમેન બની શકે છે.**

- જો પ્રમોટર કંપની પર પોતાની પકડ ઢીલી કરવા માંગતા ન હોય તો તે એમડી કે સીઇઓનું પદ પોતાની પાસે રાખીને કોઇ નબળી વ્યક્તિને ચેરમેન બનાવી શકે છે. આમ બંને પદ તેના જ નિયંત્રણમાં રહેશે.

(3) **SC, ST, OBC જાતિ પ્રમાણપત્ર નિયમન વિધેયક પસાર (ગુજરાત વિધાનસભા)**

- નિયમો/જોગવાઇ- સરકારી નોકરીમાં પસંદગી વખતે જ જાતિ પ્રમાણપત્રની ખરાઇ થશે.
- ખરાઇ માટે સમિતિની રચના કરાશે.
- દોષિત ઠર્યા બાદ છ માસ થી 3 વર્ષ સુધીની કેદની સજા તથા રૂા. 1 હજાર થી 50 હજારનો દંડ
- અગાઉના પ્રમાણપત્રોની પણ ચકાસણી થશે.
- કારણ- આદિવાસીઓના ખોટા દાખલાના બનાવ પછી કાયદો બન્યો.

(૪) **ISSF જુનિયર શૂટિંગ વર્લ્ડકપ- 2018 સિડની**

- ભારત : ગોલ્ડ- 09, સિલ્વર-5, બ્રોન્ઝ- 8 કુલ- 22 (બીજા ક્રમે)
- પ્રથમ- ચીન (કુલ- 25)
- ભારતીય મનુ ભાકર- કુલ- 4 ગોલ્ડ વિજેતા

(૫) **વિરાટ કોહલી** : મેડમ તુસાદ મ્યુઝિયમમાં વિરાટની પ્રતિમા મુકાઇ

- મીણની પ્રતિમા

(૬) **મ્યાનમાર** : નવા રાષ્ટ્રપતિ તરીકે વિન મિન્તની નિમણૂંક

- અગાઉ- હિતેન ક્યો
- રાજધાની- નૈપીતાવ

(૭) **રાજ્યસભા** : મહિલા સાંસદોનીટકાવારી- 11.7 ટકા

(૮) **એર ઇન્ડિયા** :76 ટકા હિસ્સો વેચી દેવાનો નિર્ણય

- જૂન- 2017 માં મંજૂરી આપી હતી.

(૯) **ગુરૂ ગોવિંદસિંહ** :350 મી જન્મ જયંતિ નિમિત્તે રૂા. 350 નો સિક્કો બહાર પડાશે.

- વજન- 35 ગ્રામ

(૧૦) **સાઇકોગ્રાફિક ડેટા** :

- એલ્ગોરિધમની મદદથી FB તમારા લાઇક અને કોમેન્ટનું એનાલિસીસ કરી એ જાણી લે છે કે તેમને શું ગમે છે. તમે કેવા છો અને તમને શું નથી ગમતું તમને જે ગમે છે એ પ્રકારનું જ કન્ટેન્ટ તમારા FB એકાઉન્ટમાં દેખાય એ માટે પણ તેઓ અલ્ગોરિધમ સેટ કરે છે. જેમાં તેઓ 90 ટકા સફળ નીવડે છે. તમારી લાઇક- કોમેન્ટ અને પોસ્ટનું વિશ્લેષણ કરી FB જે ડેટા તૈયાર કરે તેને સાઇકોગ્રાફિક ડેટા કહે છે.
- ઉ. દા. – કેમ્બ્રિજ એનાલિટિકાએ આ ડેટાનો ઉપયોગ રાજકીય હેતુ માટે કર્યો. કેમ્બ્રિજ એન. વેબ સાઇટપર બે વિભાગ- (૧) કોમર્શીયલ (૨) પોલિટિકલ

## 30 March

(૧) **વીજ ઉત્પાદન** :2017 માં ભારતે 1160.10 બિલિયન યુનિટ્સ વીજઉત્પાદન કર્યું. (334.40 ગીગાવોટ)

- વિશ્વના અગ્રેસર દેશો :

(૧) યુરોપ (૨) ચીન (3) USA (૪) જાપાન (૫) ભારત

(૨) **ઇજિપ્ત** : અબ્દુલ ફતેહ અલસીસી પુનઃ રાષ્ટ્રપતિ પદે ચૂંટાયા

(3) **ઉત્તરપ્રદેશ** : ડૅા. ભીમરાવ આંબેડકર હવે-ભીમરાવ રામજી આંબેડકરના નામથી ઓળખાશે.

- પિતા- રામજી

(૪) **GSAT : 6 A :**

**ઇસરો દ્વારા આ સેટેલાઇટનો સંપર્ક તુટી ગયો છે.**

સ્વદેશી 'વિકાસ' એન્જિનની મદદથી ISRO દ્વારા SDSC શ્રી હરિકોટા ખાતેથી સફળતાપૂર્વક લોન્ચ કરાયો. તા. 29-03-18 (જીઓસિન્ક્રોનસ) તાજેતરમાં સંપર્ક તૂટ્યો છે.

- હેતુ- કોમ્યુનિકેશન સેટેલાઇટ, મોબાઇલ નેટવર્કને મજબૂત બનાવશે. તેમજ સૈન્ય ટૂકડીઓને અંતરિયાળ વિસ્તારમાં સારી રીતે કોમ્યુનિકેટ કરી શકશે.
- વજન- 2 ટન (2140 કિલોગ્રામ)
- લોન્ચ વ્હીકલ :GSLVF-08
- આયુષ્ય- 10 વર્ષ
- 2015 માં લોન્ચ કરાયેલા GSA-6 ને સહયોગ કરશે.
- ઉંચાઇ- 35,975 કિ.મી.પર કાર્યરત
- પ્રથમવાર સ્વદેશી ક્રાયોજેનિક એન્જિન વપરાયું- જેને વિકાસ (VIKAS) વિક્રમ અંબાલાલ સારાભાઇ નામ અપાયું.
- પ્રથમવાર મિકેનિકલ એક્યુટેશન પદ્ધતિનો ઉપયોગ
- ટેકનિકલ નામ- હાઇ ટ્રસ્ટ ક્રાયોજેનિક એન્જિન (HTCE)
- વિજ્ઞાની- નામ્બી નારાયણ એન્જિન તૈયાર કરનાર ISRO ના વિજ્ઞાની
- ઉપગ્રહ ખર્ચ- 270 કરોડ
- ભારત ક્રાયોજેનિક એન્જિન બનાવનાર USA, રશિયા, ફ્રાન્સ, જાપાન અને ચીન બાદ છઠ્ઠો દેશ બન્યો.
- SDSC- સતિષ ધવન સ્પેસ સેન્ટર
- ચેરમેન- ISRO – કે.સિવાન
- GSLV- 4 ટન સુધી વજનના ઉપગ્રહ લોન્ચ કરી શકે છે.
- PSLV – 1500 કિ.ગ્રા. નો ઉપગ્રહ છોડી શકે છે.

## 31 March

**(૧) Rs. 28 સારમત મિસાઇલ**

- રશિયાએ 24 પરમાણુ બોમ્બ લઇ જવા સક્ષમ સારમત મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું.
- વજન ક્ષમતા- 10 ટન
- રેન્જ- 11000 કિ.મી.
- ઝડપ- 25000 કિ.મી. પ્રતિ કલાક
- મિસાઇલ ડિફેન્સ સિસ્ટમને બાયપાસ કરી શકે છે. હાઇપર સોનિક મિસાઇલ
- સંભવિત વર્ષ 2020 સુધીમાં રશિયાની સેનામાં સત્તાવાર સ્થાન લેશે.
- ICBM- પ્રકારની મિસાઇલ
- પરીક્ષણ કેન્દ્ર- પ્લિસ્ટેક સ્પેસ પોર્ટ ઉત્તરપ્રાંત

**(૨) LTCG - ટેક્સ** : તા. 1 એપ્રિલ 2018 થી શેર અને મ્યુચ્યુઅલ ફંડ પર 10 ટકા LTCG ટેક્સ અમલમાં આવશે.

- GST- ઇ વે બિલનો પ્રારંભ 01/04/2018
- હેલ્થ અને શિક્ષણ સેસ ત્રણ ટકાથી વધારીને ચાર ટકા

**(3) ગાઝિયાબાદ (UP):** દેશના સૌથી લાંબા એલિવેટેડ રોડનો પ્રારંભ

- કુલ 10.30 કિ.મી. લંબાઇ
- ખર્ચ- 1147 કરોડ
- યુપી ગેટથી રાજનગરને જોડતો 6 લાઇનનો રોડ

**(૪) કોહિમા (નાગાલેન્ડ) :**

- કોહિમા ખાતેના ઇન્દિરા ગાંધી સ્ટેડિયમનું નવું નામ : ડૉ. ટી. આઓ સ્ટેડિયમ અપાયું.
- ડૉ. ટી. ઓ. ઓ. નાગા ફૂટબોલ ખેલાડી
- 1948 માં લંડન ઓલિમ્પિકમાં તેમની પસંદગી

**(૫) મધ્યપ્રદેશ** : સરકારી કર્મચારીઓ માટે નિવૃત્તિ વય વધારીને 60 થી 62 કરવા નિર્ણય